P.07
આલિયા, કરણે દિવ્યા ખોસલા વિરુદ્ધ નેગેટિવ કેમ્પેઈન ચલાવેલું

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા

P.07
પલક તિવારી મોઢું ઢાંકીને ઈબ્રાહિમ સાથે ફરવા ઉપડી

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૪૯ । વિક્રમ સંવત ૨૦૮૨ : પોષ વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 149 • Dt.06-01-2026 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125





ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ભારે હોબાળો । યુવાનો રસ્તા ઉપર ઉતર્યા



07

06
JANUARY- 2026
TUESDAY



07

વેનેઝુએલાના પ્રમુખ માદુરોને બચાવવા ક્યુબાએ મોકલી હતી સેના! અમેરિકાના હુમલામાં ગુમાવ્યા ૩૨ જવાન

સિવિલ હોસ્પિટલમાં વધુ નવ બાળ દર્દીઓ દાખલ કરાયા

## ટાઈફોઈડનો ઇન્ક્યુબેશન પીરિયડ ૧૫ દિવસનો હોવાથી ગાંધીનગરના અસરગ્રસ્ત વિસ્તારમાંથી રોજના ૧૦-૧૫ દર્દીઓ આવશે

# ગાંધીનગરમાં જળકાંડ : હજુ દસ દિવસ સુધી ટાઈફોડના દર્દીઓ વધવાની આશંકા

### રાજ્યના પાટનગર ગાંધીનગરમાં જુના સેક્ટર ૨૪, ૨૫,૨૬,૨૭,૨૮ અને આદીવાડા વિસ્તારમાં ટાઈફોઇડનો રોગચાળો ફાટી નીકળ્યો । હાલ હોસ્પિટલમાં ૯૪ દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૧૯ને સાજા થતા રજા અપાઈ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ ।

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં જુના સેક્ટર ૨૪, ૨૫,૨૬,૨૭,૨૮ અને આદીવાડા વિસ્તારમાં ટાઈફોઈડનો રોગચાળો ફાટી નીકળ્યો છે ત્યારે વધુ નવ બાળ દર્દીઓ ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં હજૂ દસ દિવસ સુધી આ અસરગ્રસ્ત વિસ્તારમાં રોજના ૧૦થી ૧૫ ટાઈફોડના કેસો આવવાની શક્યતા તબીબો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જેને પગલે તંત્ર હાલ એલર્ટ મોડમાં મુકાઈ ગયું છે.પાટનગર ગાંધીનગર શહેરમાં ગટર અને પ ાણીની નવી લાઈન નાખવા માટે ૫૦૦ કરોડ રૂપિયાનું આંધણ કરી દેવામાં આવ્યું છે તેમ છતાં ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળાએ સરકારને દોડાવી દીધી છે. દૂષિત પાણીના પ ીવાથી પાટનગરના જુના સેક્ટરો જેવા કે સેક્ટર ૨૪, ૨૫, ૨૬ અને સેક્ટર ૨૭ ઉપરાંત આદીવાડા તથા જીઆઈડીસી વિસ્તારમાં રોગચાળો વકર્યો છે. અહીં રહેતા પરિવારોમાં ખાસ કરીને બાળકો વધુ પ્રભાવિત થયા છે અને તેમને દાખલ કરીને સારવાર આપવી પડી રહી છે. દિન પ્રતિ દિન ટાઈફોઈડના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ બાળ દર્દીઓથી ઉભરાઈ હતી અને વિભાગમાં પથારીઓ ખૂટી પડી હતી. જેથી અલાયદો વધારાનો વોર્ડ તાત્કાલિક ખોલવામાં આવ્યો હતો. ૧૦૦ થી પણ વધારે બાળ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે.



તો બીજી બાજુ મેલ અને ફીમેલ વોર્ડમાં પણ વધુ ૮૦ જેટલા દર્દીઓ દાખલ કરવા પડયા હતા. એટલું જ નહીં સિવિલમાં અન્ય વિભાગમાંથી તથા જિલ્લાના અન્ય આરોગ્ય કેન્દ્રમાંથી પીડીયાટ્રીશીયન સહિતના તબિબોને તેડાવવા પડયા છે. આ ઉપરાંત શહેરની ખાનગી હોસ્પિટલો પણ ટાઈફોઈડના દર્દીઓથી ઉભરાઈ રહી છે. રોગચાળાને કારણે સ્થિતિ બેકાબુ બની રહી છે ત્યારે તંત્રએ અસરગ્રસ્ત વિસ્તારના રહીશોને ઉકાળીને પાણી પીવા માટેની સલાહ આપી છે. બીજીબાજુ સિવિલ હોસ્પિટલના તબીબી સૂત્રો દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, હજી પણ ટાઈફોડના દર્દીઓમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. કેમકે ટાઈફોઈડનો ઈન્ક્યુબેશન પીરિયડ ૧૫ દિવસનો હોય છે.આગામી ૨૦ જાન્યુઆરી સુધી દરરોજ સરેરાશ ૧૦ નવા પેશન્ટ આવવાની શક્યતા છે.

### અનેક રજૂઆત છતાં પણ ચૂંટાયેલા નેતાઓ અને એએમસી આંખ આડા કાન કરી રહ્યું છે

# ‘સ્મશાન નહીં તો વોટ નહીં’: અમદાવાદના ભાડજ ગામમાં ભાજપ - એએમસી વિરુદ્ધ રોષ, ચૂંટણી બહિષ્કારનું એલાન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

સ્માર્ટ શહેર અમદાવાદની આ એક તસવીર જુઓ! જ્યાં નેતાઓના નામ મોટા દર્શન ખોટા વાળી કહેવત સાચી ઠરે છે. થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્મશાનની તકલીફ છે, અનેક રજૂઆત છતાં પણ ચૂંટાયેલા નેતાઓ અને એએમસી આંખ આડા કાન કરી રહ્યું છે, આખરે લોકોએ કંટાળી ‘સ્મશાન નહીં તો વોટ નહીં’ના પોસ્ટરો સાથે ભાજપ અને એએમસી સત્તાધીશોનો વિરોધ કર્યો છે.સ્માર્ટ શહેર અમદાવાદની આ એક તસવીર જુઓ! જ્યાં નેતાઓના નામ મોટા દર્શન ખોટા વાળી કહેવત સાચી ઠરે છે. થલતેજ વોર્ડના ભાડજ ગામમાં સ્મશાનની તકલીફ છે, અનેક રજૂઆત છતાં પણ ચૂંટાયેલા નેતાઓ અને એએમસી આંખ આડા કાન કરી રહ્યું છે, આખરે લોકોએ કંટાળી ‘સ્મશાન નહીં તો વોટ નહીં’ના પોસ્ટરો સાથે ભાજપ અને એએમસી સત્તાધીશોનો વિરોધ કર્યો છે.આ વિરોધ પ્રદર્શનમાં ભાડજ ગામના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા છે. ગામના રહીશોનું કહેવું છે કે, આધુનિક અમદાવાદમાં સમાવિષ્ટ હોવા છતાં તેમના વિસ્તારમાં અંતિમ સંસ્કાર માટે કોઈ વ્યવસ્થા નથી. જ્યારે પણ ગામમાં કોઈનું મૃત્યુ થાય છે, ત્યારે મૃતદેહને છેક એસ.જી. હાઈવે ઓળંગીને દૂર આવેલા થલતેજ સ્મશાનગૃહ સુધી લઈ જવો પડે છે. ટ્રાફિક અને અંતરના કારણે અંતિમ યાત્રામાં જે મુશ્કેલીઓ પડે છે તેનાથી કંટાળીને હવે ગ્રામજનોએ ‘સ્મશાન નહીં તો વોટ નહીં’નું સૂત્ર બુલંદ કર્યું છે.ભાડજ ગામમાં હાલ ઠેર-ઠેર ભાજપ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) વિરુદ્ધ બેનરો જોવા મળી રહ્યા છે.

વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર






ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ
- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

૭૫થી વધુ બેરલ સાથે મુદ્દામાલ જપ્ત | આરોપીઓ બોટ મૂકી ફરાર

## સુરત શહેરમાંથી મધદરિયે ડીઝલ ચોરીનું રેકેટ ઝડપાયું

### પોલીસ કાર્યવાહી દરમિયાન ડીઝલ ચોરી કરતાં શખસો બોટ મૂકી દરિયા વચ્ચે આવેલા ટાપુના જંગલમાં ફરાર થઈ ગયા

| પ્રતિનિધિ, સુરત, તા.૫ |

સુરત નજીક ડુમસના દરિયામાં ડીઝલની ચોરીનું મોટું રેકેટ ઝડપાયું છે. ડુમસના દરિયાઈ વિસ્તારમાં લંગરવામાં આવેલા મોટા જહાજોમાંથી મશીનરી દ્વારા ડીઝલની ચોરી કરાતી હોવાની સુરત SOGની ટીમને બાતમી મળી હતી. આ પછી પોલીસે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પોલીસે મધદરિયે કરવામાં આવેલા ઓપરેશનમાં ૭૫ થી વધુ ડીઝલના બેરલ પકડી પડ્યા હતા. પરંતુ પોલીસ કાર્યવાહી દરમિયાન ડીઝલ ચોરી કરતાં શખસો બોટ મૂકી દરિયા વચ્ચે આવેલા ટાપુના જંગલમાં ફરાર થઈ ગયા હતા. સુરત નજીક હજીરા પોર્ટ કે મગદલ્લા પોર્ટ પર ઉદ્યોગ માટે આવતા મોટા જહાજ મધદરિયે ઉભા રહે છે. આ જહાજોમાંથી છેલ્લા કેટલાક સમયથી ડીઝલ સહિતની વસ્તુઓની ચોરી થતી હોવાની પોલીસ કમિશનરને ફરિયાદ મળી હતી. જેમાં સુરત નજીક મધદરિયા પાસે ટાપુમાં ચોરીને અંજામ આપતી ગેંગ સક્રિય થઈ હોવાની માહિતીની આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી.પોલીસ દ્વારા મધદરિયે તપાસ કરતાં એક જહાજમાંથી ઈલેક્ટ્રિક મોટર લગાવીને પાઈપલાઈન થકી ડીઝલ ખેંચતા હોવાનું જણાયું હતું. જેમાં ડીઝલની ચોરી કર્યા બાદ આરોપીઓ નાના બેરલમાં ડીઝલ ભરીને સસ્તા ભાવે બારોબાર વેચી





દેવાની ફિરાકમાં હોવાનું સામે આવ્યું હતું. તેવામાં સુરત પોલીસને તપાસ દરમિયાન મધ્ય દરિયા ટાપુના કિનારાના વિસ્તારમાંથી બિનવારસી હાલતમાં ડીઝલનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આશરે રૂ.૧૦ લાખની કિંમતના કુલ ૭૫ થી વધુ જેટલા બેરલ કબજે કર્યા છે. પોલીસની કામગીરી દરમિયાન ડીઝલની ચોરીને અંજામ આપતી ગેંગના સભ્યો દરિયા પાસે આવેલા ટાપુ નજીકના જંગલમાં ફરાર થઈ ગયા હતા. આ ગુનામાં સંડોવાયેલા શખસોને પકડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સુરત નજીક ડુમસના દરિયામાં ડીઝલની ચોરીનું મોટું રેકેટ ઝડપાયું છે. ડુમસના દરિયાઈ વિસ્તારમાં લંગરવામાં આવેલા મોટા જહાજોમાંથી મશીનરી દ્વારા ડીઝલની ચોરી કરાતી હોવાની સુરત SOGની ટીમને બાતમી મળી હતી. આ પછી પોલીસે બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પોલીસે મધદરિયે કરવામાં આવેલા ઓપરેશનમાં ૭૫ થી વધુ ડીઝલના બેરલ પકડી પડ્યા હતા.

## અતિશય દેવામાં ડૂબી ગયેલા પાદરાના ફોટોગ્રાફરનો સ્ટુડિયોમાં જ આપઘાત

| પ્રતિનિધિ, વડોદરા, તા.૫ |

વડોદરાના પાદરામાં મધર સ્કૂલ સામે શ્રી માતર સોસાયટીમાં રહેતો સોહમ જયંતિ ભાવસાર ઉંમર વર્ષ ૩૦ વિડીયો શુટીંગ અને ફોટોગ્રાફીનું કામ કરતો હતો તેમજ મધર સ્કૂલ સામે ક્રિષ્ના એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સમાં કેપ્ચર ડ્રીમ સ્ટુડિયો ચલાવતો હતો. તેણે વિવિધ બેંકો અને ક્રેડિટ કાર્ડ દ્વારા ૪૦.૨૪ લાખ રૂપિયાની અલગ અલગ કુલ લોન લીધી હતી. આ લોનના હપ્તા પેટે દર મહિને ૧.૩૦ લાખ ચૂકવતો હતો જેની સામે આવક ઓછી હોવાથી તેને લોનના હપ્તા ભરવામાં માનસિક ત્રાસ લાગતો હતો. સાંજે સ્ટુડિયો પરથી તેની લટકતી લાશ મળી હતી આ અંગે પાદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરામાંથી પતંગની રીલ માંજવા માટે કાચનો ઉપયોગ કરનાર બે દુકાનદાર પકડાયા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૫ |

ઉતરાયણ પર્વ દરમિયાન દોરી માંજવા માટે ઉપયોગમાં લેવાતા કાચ ઉપર પ્રતિબંધ હોવા છતાં કેટલાક નાના વેપારી તેનો ઉપયોગ કરતા હોવાથી પોલીસ દ્વારા તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, અકોટામાં દિનેશ મિલ પાછળ કરણ માંજાના નામે દોરી માંજતા પંકજ કરણસિંહ મહાવત ને ત્યાં તપાસ કરતા પાંચ કિલો જેટલો પ્રતિબંધિત કાચ મળી આવ્યો હતો. જેથી પોલીસ કમિશનરના જાહેરનામા બદલ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આવી જ રીતે છાણી રોડ પર ગુરુ નાનક ત્રણ રસ્તા પાસે તિરંગા પતંગ દોરા સ્ટોરના નામે રીલ માંજવાનું કામ કરતા એહમદ હુસેન ગનીમિયા કાજી (ગુરુનાનક નગર, જુના છાણી રોડ) પાસેથી પણ પાંચ કિલો કાચ મળી આવતા તેની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.પોલીસ કમિશનરના જાહેરનામા બદલ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

## અમદાવાદ : ઇન્કમ ટેક્સ પાસે આવેલી ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ |

ઈન્કમ ટેક્સ પાસે આવેલી અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળી છે. અજાણ્યા શખ્સે ઈમેલ મારફતે કોર્ટના ઈમેલ પર મેલ કરીને કોર્ટને ઉડાવવાની ધમકી આપી હતી. ઈમેલ મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી. નવરંગપુરા પોલીસ, બોમ્બ સ્કવૉડ, ડોગ સ્કવૉડ દ્વારા કોર્ટમાં હાલ તપાસ કરવામાં આવી રહી છે. ધમકી મળતા કોર્ટની કામગીરી સ્થગિત કરવામાં આવી છે.કોઈ પણ અઘટિત ઘટના ન બને તે માટે સુરક્ષાના ભાગરૂપે કોર્ટ સંકુલ ખાલી કરાવી દેવામાં આવ્યું છે. પોલીસે હાલ સાયબર ટીમોની મદદથી ઈમેલ કોના દ્વારા મોકલવામાં આવ્યો તેની પણ તપાસ શરૂ કરી છે.મહત્વનું છે કે આ પહેલા ૧૭ ડિસેમ્બરના રોજ અમદાવાદની ૮ સ્કૂલમાં બોમ્બ મૂક્યાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. જે બાદ શાળામાં શિક્ષણ કર્યા મુલતવી રાખવામાં આવ્યું હતું. પણ તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.ગુજરાતમાં આ પહેલા સરકારી કચેરીઓ,એરપોર્ટ,સ્કૂલો જેવા સ્થળોએ બોમ્બ કે આરડીએક્સ મૂકવામાં આવ્યા છે તેવી ધમકી આપતા મેલ અવારનવાર મળ્યા હતા. મેલ બોગસ હોવા છતાં પોલીસ દ્વારા ગંભીર નોંધ લઈને તપાસ કરવામાં આવતી હોય છે. ધમકીના મોટાભાગના મેલનું આઈપી એડ્રેસ વિદેશનું મળતું હોય છે. જેને કારણે પોલીસની તપાસમાં અળચણ આવતી હોય છે, ઘણી વખત માનસિક તણાવનો ભોગ બનેલા કે અસ્થિર દ્વારા પણ આવા ધમકીભર્યા મેઈલ મોકલવામાં આવતા હોય છે છેલ્લે ધમકી આપનારાનો ઈરાદો માત્ર હેરાનગતિ કરવા સિવાય કોઈ નહીં હોવાનું ખૂલે છે.

રાજ્યના પાટનગરમાં પાણીજન્ય રોગચાળાએ અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું

## ગાંધીનગરમાં રોગચાળો : એક બાળકનું શંકાસ્પદ મોત, સિવિલમાં બેડ ખૂટી પડતા નવો વોર્ડ શરૂ કરાયો

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૫ |

રાજ્યના પાટનગરમાં પાણીજન્ય રોગચાળાએ અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને જૂના સેક્ટરો અને આસપાસના વિસ્તારોમાં ટાઈફોઈડના કેસોમાં મોટો ઉછાળો આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો એવો ધસારો છે કે બેડ ખૂટી પડ્યા છે અને તાત્કાલિક ધોરણે વધારાનો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે.પાટનગરમાં પ્રસરેલા આ રોગચાળામાં અત્યાર સુધીમાં ૧૫૦ થી વધુ લોકો સારવાર હેઠળ છે, જેમાંથી ૫૦ જેટલા કેસ પોઝિટિવ નોંધાયા છે. સૌથી દુખદ બાબત એ છે કે, સારવાર લઈ રહેલા બાળકો પૈકી એક બાળકનું શંકાસ્પદ મોત નીપજ્યું હોવાના અહેવાલ છે, જ્યારે અન્ય બે બાળકોની હાલત ગંભીર



હોવાનું જાણવા મળી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં જ વધુ ૧૮ બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ આખી ઘટનામાં તંત્રની ગુનાહિત બેદરકારી સામે આવી છે. આરોગ્ય વિભાગે ૩૦ ડિસેમ્બરના રોજ જ ગાંધીનગર મહાનગરપાલિકાને લેખિતમાં જાણ કરી હતી કે શહેરમાં પાણીજન્ય રોગચાળો ફેલાઈ રહ્યો છે. તેમ છતાં, પાલિકા તંત્ર ઘોર નિદ્રામાં રહ્યું અને કોઈ નક્કર પગલાં ન લેવાયા, જેનું પરિણામ આજે ગાંધીનગરની જનતા ભોગવી રહી છે.

તપાસમાં સામે આવ્યું છે કે પાટનગરના વિવિધ વિસ્તારોમાં અંદાજે ૧૯ થી ૨૦ જેટલી જગ્યાએ પીવાના પાણીની લાઈનમાં લીકેજ છે. આ લીકેજને કારણે ગટરનું ગંદુ પાણી પીવાની લાઈનમાં ભળી રહ્યું છે, જેના કારણે ટાઈફોઈડના કેસોમાં વિસ્ફોટક ઉછાળો આવ્યો છે. જો પાલિકાએ સમયસર આ લીકેજ બંધ કર્યા હોત, તો આજે સ્થિતિ આટલી ગંભીર ન હોત.

સિવિલ હોસ્પિટલમાં હાલ યુદ્ધના ધોરણે સારવાર ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૮૯ લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે, પરંતુ નવા કેસો આવવાનું સતત ચાલુ હોવાથી તબીબો પર પણ ભારણ વધ્યું છે. હોસ્પિટલ તંત્ર દ્વારા બાળકો માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.રાજ્યના પાટનગરમાં પાણીજન્ય રોગચાળાએ અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને જૂના સેક્ટરો અને આસપાસના વિસ્તારોમાં ટાઈફોઈડના કેસોમાં મોટો ઉછાળો આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે.

## બારેજડી હત્યાકાંડ: 'રિક્ષા સ્ટન્ટ'માં મોતના નાટકનો પર્દાફાશ

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ |

અમદાવાદના વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બારેજડી ગામમાં ગત ૨૮ ડિસેમ્બરે થયેલી યુવાનની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. મિત્રો વચ્ચેના જમણવારમાં થયેલી સામાન્ય બોલાચાલીમાં જીવ ગુમાવનાર રોહિત ઉર્ફે બાદશાહના મોતના કેસમાં આરોપીઓએ તેને 'અકસ્માત'માં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે ટેકનિકલ તપાસ અને FSLની મદદથી હત્યાના ગુનાનો ખુલાસો કરી મુખ્ય આરોપીને રાજસ્થાનથી ઝડપી પાડ્યો છે.૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બારેજડીના એક ફાર્મ હાઉસમાં આઠ જેટલા મિત્રો જમવા માટે એકઠા થયા હતા. આ દરમિયાન ભાવેશ અને વિશાલ નામના બે મિત્રો વચ્ચે પૈસાની લેતી-દેતી બાબતે બોલાચાલી થઈ હતી. આ મામલો બિચકતા મૃતક રોહિત અને આરોપી અજય પણ ઝઘડામાં પડ્યા હતા. ઉશ્કેરાયેલા આરોપી અજયે પોતાની પાસે રહેલું ચાકુ રોહિતને ઝીંકી દીધું હતું. ગંભીર રીતે ઘવાયેલા રોહિતનું સારવાર દરમિયાન એલ.જી. હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.હત્યાને છુપાવવા માટે આરોપીઓ અને ત્યાં હાજર મિત્રોએ પોલીસ સમક્ષ એવી કહાની ઘડી હતી કે, રિક્ષામાં સ્ટન્ટ કરતી વખતે અકસ્માતે ચાકુ વાગી જવાથી રોહિતનું મોત થયું છે.

## ગીરમાં કરુણ ઘટના : સિંહણને બેભાન કરવાનું ઇન્જેક્શન વાગી જતાં વનકર્મીનું મોત

| પ્રતિનિધિ, ગીરનાર, તા.૫ |

વિસાવદરના નાની મોણપરી ગામમાં માસૂમ બાળકને ફાડી ખાનાર માનવભક્ષી સિંહણને પાંજરે પૂરવા ગયેલી વન વિભાગની ટીમ પર કુદરત રૂઠી હોય તેવી ઘટના બની છે. સિંહણને બેભાન કરવા માટે છોડવામાં આવેલું એનેસ્થેસિયાનું ઈન્જેક્શન ભૂલથી વન વિભાગના ટ્રેકરને વાગતા, ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મૃત્યુ થયું છે. ગીરના ઈતિહાસમાં આ પ્રકારની આ પ્રથમ ઘટના હોવાનું મનાય છે.રવિવારે વિસાવદરના નાની મોણપરી ગામે ૪ વર્ષના શિવમ નામના બાળકને સિંહણે ફાડી ખાતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ માનવભક્ષી સિંહણને પકડવા માટે વન વિભાગે યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધર્યું હતું. સિંહણની લોકેશન મળતાં જ તેને બેભાન કરવા માટે વનકર્મીઓ દ્વારા ગન ચલાવવામાં આવી હતી. જોકે, કમનસીબે આ ગનમાંથી છૂટેલું ઈન્જેક્શન સિંહણને લાગવાને બદલે ત્યાં હાજર વન વિભાગના ટ્રેકર અશરફભાઈ ચૌહાણને વાગી ગયું હતું. વિસાવદરના નાની મોણપરી ગામમાં માસૂમ બાળકને ફાડી ખાનાર માનવભક્ષી સિંહણને પાંજરે પૂરવા ગયેલી વન વિભાગની ટીમ પર કુદરત રૂઠી હોય તેવી ઘટના બની છે. સિંહણને બેભાન કરવા માટે છોડવામાં આવેલું એનેસ્થેસિયાનું ઈન્જેક્શન ભૂલથી વન વિભાગના ટ્રેકરને વાગતા, ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મૃત્યુ થયું છે.




### વિશ્વની પ્રથમ ઘટના: ત્રણેય સાધનો એક જ સ્થળે

# રશિયા અને અમેરિકા જે ન કરી શક્યું તે વડોદરાએ કરી બતાવ્યું! ન્યુક્લિયર પ્લાન્ટ માટે બનાવ્યા ૩ જટિલ સાધનો

## ન્યુક્લિયર રિએક્ટરમાં વપરાતા અત્યંત જટિલ સાધનોનું સ્વદેશી નિર્માણ કરવામાં આવ્યું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

સંસ્કારી નગરી વડોદરા હવે પરમાણુ ઊર્જા ક્ષેત્રે વિશ્વના નકશા પર ચમક્યું છે. વડોદરાના એક સ્થાનિક એમએસએમઈ એકમ 'વિવિધ હાઈફેબ' દ્વારા ત્રણ વર્ષના સઘન સંશોધન બાદ ન્યુક્લિયર રિએક્ટરમાં વપરાતા અત્યંત જટિલ સાધનોનું સ્વદેશી નિર્માણ કરવામાં આવ્યું છે. પરમાણુ રિએક્ટરમાંથી નીકળતા ખતરનાક રેડિયેશન ધરાવતા 'સ્પેન્ટ ફ્યુઅલ રોડ્સ'ના પરિવહન અને સંગ્રહ માટેના સાધનો હવે વિદેશથી આયાત નહીં કરવા પડે, કારણ કે તેનું નિર્માણ હવે વડોદરામાં થઈ રહ્યું છે.ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં સૌથી પડકારજનક કામ વપરાયેલા ફ્યુઅલ રોડ્સનું સંચાલન કરવાનું હોય છે. આ માટે મુખ્ય ત્રણ સાધનોની જરૂર પડે છે:



પરમાણુ પ્લાન્ટમાં વીજળી ઉત્પન્ન કરવા માટે યુરેનિયમ ધરાવતા ફ્યુઅલ રોડ્સનો ઉપયોગ થાય છે. જ્યારે આ રોડ્સની લાઈફ પૂર્ણ થાય, ત્યારે પણ તેમાં પુષ્કળ ગરમી અને ખતરનાક વિકિરણો (રેડિયેશન) હોય છે. તેને રિએક્ટરમાંથી કાઢીને ૬-૭ વર્ષ સુધી પાણીના પોન્ડમાં સુરક્ષિત રાખવા પડે છે. ત્યારબાદ તેને પ્લાન્ટની બહાર ખસેડવા માટે વિશેષ કન્ટેનર અને મશીનોની જરૂર પડે છે, જે સહેજ પણ રેડિયેશન લીક ન થાય તે રીતે તૈયાર કરવામાં આવે છે.

વડોદરાના આ એકમે ન્યુક્લિયર પાવર કોર્પોરેશનના સહયોગથી સ્પેન્ટ ફ્યુઅલ સ્ટોરેજ રેક્સ તૈયાર કર્યા છે. આ રેક્સ બનાવવા માટે ખાસ 'બોરોટેડ સ્ટેનલેસ સ્ટીલ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ન્યુટ્રોન એમિશન (વિકિરણો)ને રોકવાની ક્ષમતા ધરાવે છે. કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓના કડક પરીક્ષણોમાં આ સાધનો સફળ સાબિત થયા છે.

વડોદરામાં તૈયાર થયેલો આ પ્રથમ જથ્થો તમિલનાડુના કુડાનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ખાતે મોકલવામાં આવશે. આગામી દિવસોમાં ફ્યુઅલ ટ્રાન્સફર મશીન પણ તૈયાર થઈ જશે.

દેશના 'આત્મનિર્ભર ભારત' અને 'સ્વદેશી' અભિયાનને વડોદરાના આ સાહસિક એકમે નવી ઊંચાઈ આપી છે. આ સિદ્ધિથી ભારતની વિદેશી મુદ્રાની બચત થશે અને પરમાણુ ઉર્જા ક્ષેત્રે ભારતની સુરક્ષા અને સ્વાયત્તતા મજબૂત બનશે. સંસ્કારી નગરી વડોદરા હવે પરમાણુ ઊર્જા ક્ષેત્રે વિશ્વના નકશા પર ચમક્યું છે. વડોદરાના એક સ્થાનિક એમએસએમઈ એકમ 'વિવિધ હાઈફેબ' દ્વારા ત્રણ વર્ષના સઘન સંશોધન બાદ ન્યુક્લિયર રિએક્ટરમાં વપરાતા અત્યંત જટિલ સાધનોનું સ્વદેશી નિર્માણ કરવામાં આવ્યું છે. પરમાણુ રિએક્ટરમાંથી નીકળતા ખતરનાક રેડિયેશન ધરાવતા 'સ્પેન્ટ ફ્યુઅલ રોડ્સ'ના પરિવહન અને સંગ્રહ માટેના સાધનો હવે વિદેશથી આયાત નહીં કરવા પડે, કારણ કે તેનું નિર્માણ હવે વડોદરામાં થઈ રહ્યું છે.ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં સૌથી પડકારજનક કામ વપરાયેલા ફ્યુઅલ રોડ્સનું સંચાલન કરવાનું હોય છે.

### સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી

# અમદાવાદ જિલ્લામાં ગંદકી ફેલાવતા ૧૦ એકમો સીલ, ૪૦૦ને નોટિસ ફટકારી એએમસીએ રૂા. ૩.૫૭ લાખનો દંડ વસૂલ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ શહેરમાં ગંદકી કરતાં એકમો સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(એએમસી)ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં એએમસી દ્વારા શહેરના પશ્ચિમ, ઉત્તર સહિતના ઝોન સહિતના વિસ્તારોમાં પ્લાસ્ટિક ઝુંબેશ અને ગંદકી ફેલવવાને લઈને પાલ-ગલ્લા, ચાની કિટલ સહિતના ૫૦૦થી વધુ એકમો પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગંદકી-ન્યુસન્સ ફેલાવતા ૪૦૦થી વધુ એકમોને નોટિસ ફટકારવામાં આવી છે. તેમજ ૧૦ જેટલાં એકમોને સીલ કરી દેવામાં આવ્યા છે. સમગ્ર મામલે એએમસીએ રૂ.૩.૫૭ લાખથી વધુ દંડ વસુલ્યો હતો.એએમસી મુજબ, અમદાવાદ શહેરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા આજે(૫ જાન્યુઆરી) ગંદકી ફેલાવનાર એકમો સામે કડક પગલાં લેવામાં આવ્યા છે. જેમાં પશ્ચિમ ઝોનમાં કુલ ૨૩૪ યુનિટ ચેક કરતાં ૧૪૪ જેટલાં એકમોને ગંદકી ફેલાવવાના અને પ્રતિબંધિત પ્લાસ્ટિક મામલે નોટિસ ફટકારીને ૨.૭૫ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો. જ્યારે ઉત્તર ઝોનમાં ગંદકી ફેલાવતા ૨૬૫ એકમોને નોટિસ આપીને રૂ.૮૨,૭૦૦ દંડ વસુલ કર્યો હતો. તેમજ ૪ એકમોને સીલ કર્યા હતા. અમદાવાદ શહેરમાં ગંદકી કરતાં એકમો સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(એએમસી)ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

## જામનગરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનાર વિક્રેતા પકડાયો

। પ્રતિનિધિ, જામનગર, તા ૫ ।

જામનગર શહેરમાં પ્રતિબંધીત ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુક્કલ શોધી કાઢવા માટેની ઝુંબેશ ચલાવાઈ રહી હતી, જે દરમિયાન પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી એક વિક્રેતા પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરતાં પકડાયો છે.જામનગરના સીટી એ. ડીવી પોલિસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં સ્થાનિક પોલીસ ટુકડી પ્રતિબંધીત ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુક્કલ અંગે પેટ્રોલીંગમાં હતી, તે દરમ્યાન સર્વેલન્સ સ્કવોર્ડ ની ટીમે પંચેશ્વર ટાવર નજીક ગોવાળ મસ્જિદ પાસે એક ઈસમ દુકાનમાં પ્રતિબંધીત ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા માંજા તથા તુકકલ રાખી તેનુ વેચાણ કરે છે.જે હકીકતના આધારે ખુશાલ પ્રદીપભાઈ બાલાપરિયા નામના વેપારીની દુકાનમાં તપાસણી કરતાં તેની દુકાનમાથી ચાઈનીઝ પ્લાસ્ટકીના દોરા માંઝાની ૧૫ નંગ ચરખી મળી આવી હતી.આથી પોલીસે રૂ.૭,૫૦૦ની કિંમતની ૧૭ નંગ પ્રતિબંધ ચાઈનીઝ દોરા સાથેની ચરખી નો મુદામાલ કબજે કરી લઈ વેપારીની અટકાયત કરી છે, અને તેની સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં જાહેરનામાંના ભંગ બદલ ગુનો નોધ્યો છે.

## પાવાગઢથી પરત ફરતા વડોદરાના બે શિક્ષકો નર્મદા કેનાલમાં ડૂબ્યા, એકને બચાવવા જતાં બંને તણાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૫ ।

ક્યારે કેવી આફત આવી પડે કોને ખબર! પાવાગઢ દર્શને આવેલા વડોદરાના ખાનગી શાળા બે શિક્ષકો ડૂબ્યાં છે. ગઈકાલ (૪ જાન્યુઆરી)ના રોજ સાંજે બનેલી આ ઘટનામાં હજુ પણ બંને શિક્ષકોમાંથી એક પણનો પત્તો મળ્યો નથી, ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમો શિક્ષકોને છેલ્લા ૨૪ કલાકથી કેનાલમાં શોધી રહી છે. પણ પ્રચંડ વહેણને કારણે હજુ સુધી કોઈ ભાળ મળી નથી. વડોદરાની એક ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા અને વડોદરા ખાતે રહેતા (મૂળ પરપ્રાંતિય) ચાર શિક્ષક મિત્રો શુભમ મિથિલેશકુમાર પાઠક, રાહુલ વિરેન્દ્ર યાદવ, વિદ્યુત પ્રકાશ રવિન્દ્ર સિંગ અને અસીત જનમેજય ઓઝા પાવાગઢ દર્શન માટે ગયા હતા. બપોરે દર્શન કર્યા બાદ તેઓ સાંજે ૭:૩૦ કલાકની આસપાસ હાલોલ વડોદરા હાઈવે પર ખંડીવાળા ખાતે આવેલી નર્મદાની મુખ્ય કેનાલ ખાતે પાળ પર આવીને બેઠા હતા. જ્યાં રાહુલ યાદવ નામના શિક્ષક નર્મદાના કેનાલમાં પોતાનો પગ ધોવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક જ તેઓનો પગ લપસી જતા તે પાણીમાં ડૂબવા લાગ્યા હતા. મિત્ર શિક્ષકને ડૂબતો જોઈ ક્ષણ ભરનો વિચાર કર્યા વગર શુભમ પાઠક કેનાલમાં કૂદી ગયા હતા. તેમણે તરતા પણ આવડતું હતું, પણ કુદરતને બીજું જ મંજૂર હતું. નર્મદાના ધસમસતા વહેતા ઊંડા પાણીમાં બંને ડૂબવા લાગ્યા હતા. અને પ્રવાહ સાથે આગળ તણાઈ રહ્યા હતા. સાથીદારોને ડૂબતાં જોઈ હાજર અન્ય બે શિક્ષકો ગભરાઈ જતાં ચીસાચીસ કરી મદદ માટે ગુહાર લગાવી હતી અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને હાલોલ નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, અને નર્મદાના ઊંડા પાણીમાં ડૂબેલા બંને શિક્ષક મિત્રોની શોધમાં જોતરાઈ હતી.






## તંત્રી લેખ...

# પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ

રામનવમીના તહેવાર પ્રસંગે દેશના કેટલાક હિસ્સામાં જે રીતે ઉપદ્રવ મચાવવામાં આવ્યો અને શ્રીરામની શોભાયાત્રાઓને નફરતી તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી, તેનાથી ગયા વર્ષની એ ઘટનાઓની યાદ તાજી થઈ ગઈ, જ્યારે આ જ પર્વ દરમ્યાન કેટલાય શહેરોમાં મોટા પાયે હિંસા આચરવામાં આવી હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે રામનવમી પર કાઢવામાં આવતી શોભાયાત્રાઓ પર કોઈ સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત હુમલા થઈ રહ્યા છે. તેનું પ્રમાણ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર, ગુજરાતના વડોદરા અને પશ્ચિમ બંગાળના હાવડામાં થયેલ હિંસાથી મળી આવે છે. સંભાજી નગરમાં એક રામ મંદિર પાસે ભારે હિંસા કરવામાં આવી અને જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો ઉપદ્રવીઓએ તેને પણ નિશાનો બનાવી. તેને કારણે કેટલાય પોલીસકર્મીઓ પણ ઘાયલ થઈ ગયા. વડોદરામાં રામનવમીએ નીકળેલી બે શોભાયાત્રાઓ પર હુમલા કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ. ત્યાં શોભાયાત્રા પર હુમલાની સાથે જ હિંદુઓના ઘરો અને દુકાનોને પણ નિશાનો બનાવવામાં આવી. એનાથી પણ ચિંતાજનક વાત એ રહી કે ત્યાં બીજા દિવસે પણ હિંસા ચાલુ જ રહી. હાવડામાં શુક્રવારની નમાજ બાદ હિંસક ભીડે જેવો ઉત્પાત મચાવ્યો, તેનાથી સ્પષ્ટ છે કે તેમનું દુસ્સાહસ વધેલું હતું અને તેમને પોલીસની સતર્કતાથી કશો ફરક પડતો ન હતો.આશ્ચર્ય નહીં કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ કથને ઉપદ્રવી તત્ત્વોનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું હોય કે મુસ્લિમ વિસ્તારોમાંથી રામનવમીની શોભાયાત્રાઓ ન કાઢવામાં આવે. આખરે આ પ્રકારનું નિવેદન આપવાની જરૂર જ શી હતી? શું શોભાયાત્રાઓ માટે મુસ્લિમ વિસ્તારો નિષેધ છે? જો કોઈ એમ કહે કે હિંદુ સમુદાય મુસ્લિમ વિસ્તારોમાંથી શોભા યાત્રાઓ ન કાઢે તો પછી કોઈ એમ પણ કહેશે કે મુસલમાનોએ પોતાનાં જુલૂસ હિંદુઓના વિસ્તારમાંથી ન કાઢવાં જોઈએ. શું મમતા બેનર્જી આવું ઈચ્છે છે? શું મુસ્લિમ વિસ્તારો કોઈ એવાં વિશેષ સ્થળ છે, જ્યાં અન્ય કોઈ સમુદાયના લોકોએ ન જવું જોઈએ? આ સવાલ માત્ર મમતા બેનર્જીને જ નહીં, એમને પણ છે, જેઓ ગંગા-જમુની તહેજીબનાં ગતકડાં રમતાં મૂક્યા કરે છે. આ કથિત તહેજીબ એક છેતરપિંડી જ છે અને તેમાં મુસ્લિમ સમુદાય સિવાય અન્ય કોઈ બીજા માટે સ્થાન નથી. આ તહેજીબનાં વખાણ કરનારાઓએ એ પણ જણાવવું જોઈએ કે આખરે શોભાયાત્રાઓ પર જ હુમલા કેમ થઈ રહ્યા છે? જ્યારે હાવડામાં શોભાયાત્રા પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલા માર્ગ પર જ નીકળી રહી હતી, તો પછી તેના પર કોઈ વાંધો કેવી રીતે ઉઠાવી શકે? એનાથી પણ મોટો પ્રશ્ન એ છે કે કોઈ શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત જ કેવી રીતે કરી શકે? સામાન્ય રીતે આવી હિંમત ત્યારે જ થઈ શકે, જ્યારે તોફાની તત્ત્વોને પોલીસની કોઈ જ બીક ન રહી હોય. શોભાયાત્રાઓ પર થનારા હુમલા માત્ર કાયદો-વ્યવસ્થાને જ સીધો પડકાર નથી, બલ્કે દેશના સામાજિક તાણાવાણાને ધ્વસ્ત કરવાની કુચેષ્ટા પણ છે.

# ફુડ સંબંધિત કોર્સમાં હવે ધસારો



આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઈ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઈ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઈ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.



**સમય ઓનલાઇન, ઇ-કોમર્સનો છે ત્યારે સાવધાની જરૂરી બની....**

**ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેકશનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે**

# ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**

ભાગદોડની લાઇફમાં લોકો ઓનલાઇન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઇને કેટલીક સાવધાની જરૂરી બની ગઇ છે. કારણ કે ઓનલાઇન કારોબારના સમયમાં ઠગાઇ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. લોકો ઓનલાઇન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઇ રહ્યા છે. ઓનલાઇનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઇ છે. ઇ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઇ રહ્યુ છે.

આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ંજ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઇન ચેટિંગનો શિકાર થઇ જાય છે. ઓનલાઇન બિલ પેમેન્ટ કરવા, કોઇ ઇ-કોમર્સ સાઇટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઇ જાય છે. આરબીઆઇના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઇન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઇન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઇલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કો ચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઇન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઇન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઇ ગઇ છે. કેટલાક કેસમાં ઓનલાઇન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઇફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઇ પણ તબક્કામાં થઇ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઇન્ડિયા જેવી સાઇટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઇટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફલીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છે. તે પ્રોડક્ટ વેબસાઇટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડકટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઇટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફલીપકાર્ટ ટુંક સમયમા ંજ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઇમ પેઇડ સર્વિસ છે. જે ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સુવિધા ધરાવનાર ઠગ લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઇટ બનાવી નાંખે છે.

જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઇ જાય છે. નકલી વેબસાઇટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઇથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઇટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઇ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઇટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઇ કરનાર હોઇ શકે છે. અલબત્ત આ સાઇટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી.






**સલાહ : ફિટનેસને જાળવીને જ કોઇ નક્કર કામો કરી શકાય છે....**

**વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે**

# હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

**યોગ્ય સમય પર ફુલ મસ્તી અને મુડ સાથે વર્ક આઉટ કરવા અને બોડીને ફિટ રાખવા શ્રેણીબદ્ધ વિકલ્પ છે : તમામ વિકલ્પો અજમાવવાની જરૂર**

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા ંઆવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફલેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા ંઆવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. પાઈલેટ્સ અને બોક્સિંગના યોગ્ય તરીકે પાઈલોકિસગ છે. આની શરૂઆત સ્વીડનના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓ માટે આ ખાસ ફાયદાકારક છે. આના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ અને ફિટનેસને લઈને વિશ્વાસ વધે છે. આ કસરતથી મનને પણ સંતોષ મળે છે. જોરદાર વર્ક આઉટ કરવાના બદલે ફુલ મસ્તીમાં વર્ક આઉટ પણ અસરકારક સાબિત થાય છે. નવા નવા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં પણ વ્યક્તિ થોડાક સમય માટે વર્ક આઉટ કરે તે જરૂરી છે. વર્કઆઉટ શરીરને ફિટ રાખવામાં અને કેટલીક ચોક્કસ બિમારીને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. મોટા ભાગના લોકોને તબીબો પણ હવે તો સવારમાં વર્કઆઉટ કરવા માટેની સલાહ આપે છે. સાથે સાથે મોટા ભાગના લોકો હવે નવા પ્રયોગ કરવા પણ લાગી ગયા છે. આના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો નિયમિતપણે મોર્નિંગ વોક કરે છે





**ચિંતા : કેન્સરની સંખ્યા દર વર્ષે એક લાખ ૭૫ હજાર થઇ**

**બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે**

# બાળકોમાં કેન્સરના કેસો વધ્યા છે

**બાળકોમાં થતા કેન્સર રોગના લક્ષણ પણ વહેલી તકે જાણી શકાતા નથી કારણ કે લક્ષણો અન્ય સામાન્ય બિમારી જેવા જ હોય છે**

ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સની અંદર ડીએનએ મોલીક્યુલ્સમાં અપરિવર્તનીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલો કરી દે છે. આ જ કેન્સર જેવી બિમારીનુ ઉત્પાદન કરવામા ચાવીરૂપ ભૂમિકા અદા કરી દે છે. આ તમામ ચીજો પણ હવે બાળકોમાં દેખાવવા લાગી ગઇ છે. બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા. પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે. કેન્સર શરીરમાં જુદા ભાગોમાં સામાન્ય કોશિકાઓના અનિયંત્રિત વૃદ્ધિના કારણે જન્મ લે છે. સામાન્ય પરિસ્થિતીમાં સેલ્સ અથવા તો કોશિષાકાના એક નિયંત્રિત તંત્ર અથવા તો વ્યવસ્થા તરીકે હોય છે. ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સ અથવા તો કોશિકાની અંદર ડીએનએ મોનીક્યુલ્સમાં અપરિવર્તીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલા કરી દે છે. જેના કારણે કેન્સર જેવી ખતરનાક બિમારી ફેલાઇ જાય છે. આ તમામ ચીજો હવે બાળકોમાં પણ દેખાવવા લાગી ગઇ છે. દુનિયાભરમાં એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ચાઇલ્ડહુડ કેન્સરની દર વર્ષે ઘટના એક લાખ ૭૫ હજાર જેટલી છે. શોધથી એવુ પણ જાણવા મળ્યુ છે કે ચાઇલ્ડહુડ કેન્સરના કારણે મૃત્યુ પામનાર બાળકોનો મૃત્યુ દર આશરે ૨૦ ટકા જેટલો રહ્યો છે. જેમાં હાલના વર્ષોમાં ૦.૬ ટકાનો વધારો થયો છે. બાળકોમાં થનાર કેન્સરના પ્રકાર મોટી વયના લોકોમાં થનાર કેન્સર કરતા અલગ પ્રકારના હોય છે. જેમ કે લ્યુકેમિયા, બ્રેન એન્ડર અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટેમ ટ્યુમર, ન્યુરોબલાસ્ટોમાં, વિલ્મિસ ટ્યુમર, લિન્ફોમા, રેટિનોબસ્ટોપમાં અને બોન કેન્સરનો સમાવેશ થાય છે. અન્ય પ્રકારના કેન્સર બાળકોમાં જોવા મળતા નથી. પરંતુ આનો મતલબ એ બિલકુલ નથી કે અન્ય પ્રકારના કેન્સર બાળકોને થઇ શકે નહી. બોનમેરો અને બ્લડ કેન્સરને લ્યુમકેમિયા કહેવામાં આવે છે. બાળકોમાં જોવા મળતા કેન્સરમાં લ્યુમકેમિયા ૩૦ ટકા સુધી રહે છે. તેના લક્ષણ સર્વસામાન્ય હોય છે. જેમ કે હાડકામાં દુખાવા, થાક, કમજોરી, સ્કીનમાં પીળાશપણનો સમાવેશ થાય છે. કેમિયોથેરાપી આનો એકમાત્ર ઉપચાર છે. બોન કેન્સર હાડકાના કેન્સર તરીકેછે. આ શરીરના કોઇ પણ ભાગથી શરૂ થઇને થઇ શકે છે. આ રોગ ત્યારબાદ હાડકામાં ફેલાઇ જાય છે. આ રોગ હાડકામાં સોજા અને પીડા આપવાની શરૂઆત કરે છે. બ્રેન એન્ડ અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યમર ચાઇલ્ડ કેન્સરના એક પ્રકાર તરીકે છે. બ્રેઇન ટ્યુમર અનેક પ્રકારના રહે છે. આ તમામના ઉપચાર પણ જુદા જુદા છે. તેમાં માથામાં દુખાવા, ઉલ્ટી થવી અને ચક્કર આવવા જેવી બાબતો હોય છે. ન્યુરોબલાસ્ટોમાં કેન્સર મોટા ભાગે નવજાત શિશુમાં જોવા મળે છે. આ રોગ ૧૦ વર્ષથી ઉપરના બાળકોને ક્યારેય થાય તેવા સંજોગો હોતા નથી. પેટમાં સોજા, હાડકામાં પીડા અને તાવ જેવા તેના લક્ષણ રહે છે. વિલ્મેસ ટ્યુમર મોટા ભાગે ચાર અથવા તો પાંચ વર્ષના બાળકોમાં જોવા મળે છે. પેટમાં ગાંઠો આના કારણે પડી જાય છે. આના કારણે ભુખ લાગતી નથી. તાવની અસર પણ રહે છે. લિમ્ફોમાં કેન્સર બાળકોમાં જોવા મળે છે. તેના લક્ષણની વાત કરવામાં આવે તો વજન ઘટવાની બાબતનો સમાવેશ થાય છે. તાવ પણ આવે છે. વારંવાર પરસેવા થાય છે. થાક પણ લાગે છે. રાબડોમસોસરકોમાં કેન્સર માથા, ગર્દન, કમર અને પેટના ભાગ સહિત શરીરના કોઇ પણ ભાગમાં થઇ શકે છે. રેટિનોબસ્ટોમાં આંખના કેન્સર તરીકે છે. સામાન્યરીતે તે બે વર્ષની વયના બાળકોમાં જોવા મળે છે. લક્ષણ તરીકે આંખમાં લાલ રંગ નજરે પડે છે. આંખો હમેંશા લાલ અથવા તો સફેંદ નજરે પડે છે. કેન્સર નિષ્ણાંત તબીબો કહે છે કે કેન્સરના લક્ષણોને ઓળખી કાઢવાની બાબત સામાન્યરીતે મુશ્કેલ હોય છે. કારણ કે તેના તમામ લક્ષણ અન્ય સામાન્ય બિમારીની જેમ જ હોય છે. આ પ્રકારની પિડા થવાની સ્થિતીમાં બાળકની કાળજી સૌથી મહત્વપૂર્ણ બાબત રહે છે. કેન્સર રોગ કેટલી ઝડપથી વધે છે તે બાબત પણ મહત્વપૂર્ણ બની જાય છે.






Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



આંધ્રપ્રદેશનું આખું ગામ ખાલી કરાવાયું

# ઓએનજીસીની પાઈપલાઈન લીક થતા લાગી ભીષણ આગ

। એજન્સી, કોનાસીમા, તા.૫ ।

આંધ્રપ્રદેશના કોનાસીમા જિલ્લામાં ઓએનજીસીની ગેસ પાઈપલાઈનમાં મોટાપાયે લીકેજ થવાની ઘટના સામે આવી છે. મલિકીપુરમ મંડળના ઈરુસમાંડા ગામ પાસે પાઈપલાઈનમાંથી અચાનક ગેસ લીકેજ થયો હતો, જેણે જોતજોતામાં ભીષણ આગનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ છે.મળતી માહિતી મુજબ, પાઈપલાઈનમાંથી ગેસ લીક થતા જ આકાશમાં ઉંચે સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ગેસનું દબાણ એટલું વધારે હતું કે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. આસપાસના રહેણાંક વિસ્તારો સુધી ધુમાડો પહોંચતા લોકોના શ્વાસ રૂંધાવા લાગ્યા હતા અને ફાળ પડી હતી. આસપાસના ગામડાઓમાં ચોતરફ ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. બીજી તરફ હજારો નારિયેળી અને વૃક્ષો સળગી ગયા છે. સ્થાનિક લોકોએ તાત્કાલિક ધોરણે આ અંગે ઓએનજીસીના અધિકારીઓ અને ફાયર વિભાગને જાણ કરી હતી.ઘટનાની ગંભીરતાને જોતા વહીવટીતંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. સુરક્ષાના ભાગરૂપે અને મોટી જાનહાનિ ટાળવા માટે ઈરુસમાંડા અને તેની આસપાસના ગામોને તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યા છે. લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.ઓએનજીસીના ટેકનિકલ નિષ્ણાતો અને ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

## ઓએનજીસી વેનેઝુએલામાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન કરતી હતી

# વેનેઝુએલા ઉપર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ‘કબ્જા’થી ભારતને ૯૦૦૦ કરોડના ફાયદાની આશા

**વેનેઝુએલામાં ક્રૂડ ઓઈલના ઉત્પાદન બદલ ઓએનજીસીના ૪૦ ટકા ડિવિડન્ડના ૫૩૬ કરોડ ડોલર છૂટા થવાની શક્યતા । વેનેઝુએલા પાસેથી ૪ કરોડ ડોલરનું ક્રૂડ ઓઈલ ખરીદતા ભારતે અમેરિકન પ્રતિબંધો પછી ખરીદી ઘટાડી**

। એજન્સી, નવી દિલ્હી, તા.૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી આર્મીએ વેનેઝુએલામાં સૈન્ય કાર્યવાહી કરી પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરી લીધી છે. અમેરિકાની આ કાર્યવાહી સામે આખી દુનિયાના દેશોમાં ભારે રોષ છે. ભારત સરકારે પણ ટ્રમ્પના આ પગલાં અંગે ચિંતા વ્યક્ત કરી છે. જોકે, વેનેઝુએલાના ક્રૂડ ઓઈલ સેક્ટર પર અમેરિકાના ‘કબ્જા’થી ભારતને એક અબજ યુએસ ડોલરનો સીધો ફાયદો થવાની શક્યતા છે.



વેનેઝુએલાના ક્રૂડ ઓઈલ સેક્ટર પર અમેરિકાના નિયંત્રણથી રશિયા સહિત અનેક દેશોનું ટેન્શન વધી ગયું છે ત્યારે ભારત માટે અમેરિકાનું નિયંત્રણ લાભ દાયક બનવાની શક્યતા છે. કેટલાક અહેવાલો મુજબ આગામી સમયમાં વેનેઝુએલામાં અટકેલા ભારતના અંદાજે એક અબજ ડોલર એટલે કે રૂ. ૯,૦૦૦ કરોડના લેણાં પાછા મલી શકે છે. સાથે ભારત વેનેઝુએલામાં ફરી એક વખત ક્રૂડ ઓઈલનું ઉત્પાદન શરૂ કરી શકે છે.

ભારત એક સમયે વેનેઝુએલામાં ક્રૂડ ઓઈલનો મુખ્ય ઉત્પાદક દેશ હતો, જે વેનેઝુએલામાંથી દૈનિક અંદાજે ચાર લાખ બેરલથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરતું હતું. જોકે, વેનેઝુએલા પર અમેરિકાના આકરા પ્રતિબંધો પછી ભારતે ૨૦૨૨માં લેટિન અમેરિકન દેશ પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરી દીધી.

ભારતની મુખ્ય વિદેશી ઉત્પાદક કંપની ઓએનજીસી વિદેશ લિ. (ઓવીએલ) પૂર્વીય વેનેઝુએલામાં સૈન ક્રિસ્ટોબલ ક્રૂડ ઓઈલ ક્ષેત્રનું સંયુક્તરૂપે સંચાલન કરતી હતી, પરંતુ અમેરિકાના પ્રતિબંધોના કારણે મહત્વપૂર્ણ ટેક્નોલોજી, ઉપકરણો અને સેવાઓ સુધી ભારતની પહોંચ મર્યાદિત થઈ ગઈ. તેનાથી વેનેઝુએલામાં ક્રૂડ ઓઈલના ભંડારોમાં ઉત્પાદન અત્યંત ખરાબ પડી અને તે ઘટીને માત્ર દૈનિક ૫,૦૦૦થી ૧૦,૦૦૦ બેરલ સુધી ઘટી ગયું.

વેનેઝુએલા વર્ષ ૨૦૧૪ સુધી ક્રૂડ ઓઈલના સેક્ટરમાં તેના ૪૦ ટકા હિસ્સા પર ઓવીએલને ૫૩૬ કરોડ ડોલરનું ડિવિડન્ડ ચૂકવવામાં નિષ્ફળ રહ્યું હતું. તે પછીના સમય માટે લગભગ સમકક્ષ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયું છે, જેના માટે કારાકસે ઓડિટની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો.

વધુમાં કારાકાસે ઓડિટની પણ મંજૂરી આપી નહીં, જેનાથી આ દાવાઓનો ઉકેલ આવ્યો નથી. હવે વેનેઝુએલાના ક્રૂડ ઓઈલ ક્ષેત્ર પર અમેરિકાના નિયંત્રણથી ઓએનજીસીને તેના બાકી લેણાં પાછા મળવાની આશા જાગી છે.

## જાલોરમાં મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી,પતિ-પત્ની સહિત ૨ના મોત

। એજન્સી, જાલોર, તા.૫ ।

ગુજરાત સાથેની સરહદે આવેલા રાજસ્થાનના જાલોર જિલ્લામાં રવિવારે એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. સાંચોરથી જયપુર જઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની લક્ઝરી બસ અનિયંત્રિત થઈને ખાઈમાં પલટી ગઈ હતી. આ ભીષણ દુર્ઘટનામાં એક મહિલા અને એક પુરુષનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ૨૦ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી પાંચની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.આ દુર્ઘટના આહોર પોલીસ સ્ટેશન વિસ્તારના અગવરી ગામ પાસે નેશનલ હાઈવે ૩૨૫ પર બની હતી, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ખાનગી ટ્રાવેલ્સની બસ સાંચોરથી જયપુર તરફ જઈ રહી હતી. જ્યારે બસ અગવરી ગામ પાસે પહોંચી, ત્યારે અચાનક રસ્તા પર આવેલા એક પશુને બચાવવાના પ્રયાસમાં ડ્રાઈવરે બસને વાળતા સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, બસ બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં આવેલી ખાઈમાં જઈને પલટી ગઈ. બસ પલટતા જ મુસાફરોમાં ચીસો અને બૂમાબૂમ મચી ગઈ હતી અને ઘણા લોકો બસ નીચે દબાઈ ગયા હતા.અકસ્માતની જાણ થતાં જ આહોર પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

## આસામમાં ભૂકંપઃ મોરીગાંવમાં ૫.૧ની તીવ્રતાના આંચકાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા

। એજન્સી, મોરીગાંવ, તા.૫ ।

આસામના મોરીગાંવ જિલ્લામાં સોમવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી. સવારે લગભગ ૪:૧૭ વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાને કારણે ગાઢ નિંદ્રામાં સૂતેલા લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ આસામના મોરીગાંવમાં જ હતું. તેનું અક્ષાંશ ૨૬.૩૭ ડિગ્રી ઉત્તર અને રેખાંશ ૯૨.૨૯ ડિગ્રી પૂર્વ નોંધવામાં આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી લગભગ ૫૦ કિલોમીટર નીચે હોવાનું જણાવાયું છે.ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં આવી ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે હાલમાં કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર સામે આવ્યા નથી. સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેત રહેવા તથા કોઈપણ પ્રકારની અફવાઓથી બચવા માટે અપીલ કરી છે.ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી.

## સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું

# મેરિટમાં આગળ હોય તો જનરલ કેટેગરીની નોકરીમાં પણ એસસી/એસટી/ઓબીસીનો હક : સુપ્રીમ કોર્ટ

**મે ૨૦૨૩માં તેનું પરિણામ આવ્યું, ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે એસસી, ઓબીસી , એમબીસી અને ઇડબ્લૂએસ કેટેગરીના કટ-ઓફ જનરલ કેટેગરી કરતા પણ ઊંચા ગયા હતા**

। એજન્સી, નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો અનામત વર્ગનો કોઈ ઉમેદવાર જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધુ માર્કસ મેળવે છે, તો તેને શોર્ટ લિસ્ટિંગ વખતે ‘ઓપન કેટેગરી’નો ગણવો જોઈએ. રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, યોગ્યતા ધરાવતા ઉમેદવારોને માત્ર તેમની અનામત શ્રેણી પૂરતા સીમિત રાખી શકાય નહીં. આ ચુકાદાથી સરકારી ભરતીઓમાં ‘મેરિટ’ ને વધુ પ્રાધાન્ય મળશે અને તેજસ્વી ઉમેદવારો સાથે થતો અન્યાય અટકશે.ઓગસ્ટ ૨૦૨૨માં રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા જુનિયર જ્યુડિશિયલ આસિસ્ટન્ટ અને ક્લર્ક ગ્રેડ- ની ૨,૭૫૬ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. આ પ્રક્રિયામાં ૩૦૦ માર્કસની લેખિત પરીક્ષા અને ૧૦૦ માર્કસની ટાઈપિંગ



ટેસ્ટ નક્કી કરવામાં આવી હતી. નિયમ મુજબ, દરેક કેટેગરીમાં ખાલી જગ્યા કરતા ૫ ગણા ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવાના હતા. મે ૨૦૨૩માં તેનું પરિણામ આવ્યું, ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે એસસી, ઓબીસી , એમબીસી અને ઈડબ્લૂએસ કેટેગરીના કટ-ઓફ જનરલ કેટેગરી કરતા પણ ઊંચા ગયા હતા. આ કારણે ઘણા એવા ઉમેદવારો લિસ્ટમાંથી બહાર થઈ ગયા જેમના માર્કસ જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધારે હતા, પરંતુ તેમની પોતાની અનામત શ્રેણીના ઊંચા કટ-ઓફને કારણે તેઓ ટાઈપિંગ ટેસ્ટ માટે ક્વોલિફાય ન થઈ શક્યા.આ અરજી મુદ્દે રાજસ્થાન હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે જે ઉમેદવારોએ કોઈ પણ વધારાની છૂટછાટ વગર જનરલ કેટેગરી કરતા વધુ માર્કસ મેળવ્યા છે, તેમને ‘ઓપન કેટેગરી’ માં જ ગણવા જોઈએ. આ અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આ નિર્ણયને યથાવત રાખતા કહ્યું કે, ‘ઓપન કેટેગરી એ કોઈ અનામત ક્વૉટા નથી. તે તમામ ઉમેદવાર માટે માત્ર મેરિટના આધારે ખુલ્લી છે. જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર ક્ષમતા પર વધુ માર્કસ લાવે છે, તો તેને જનરલ કેટેગરીમાં જ સ્થાન મળવું જોઈએ.’આ ચુકાદા બાદ, હવે ભરતી બોર્ડે પહેલા જનરલ કેટેગરીનું મેરિટ લિસ્ટ તૈયાર કરવું પડશે. જે ઉમેદવારો તેમાં સ્થાન પામશે, તેમને અનામત યાદીમાંથી બહાર રાખીને બાકીની અનામત બેઠકો ભરવી પડશે. આ નિર્ણયથી એવા સેંકડો ઉમેદવારોને ફાયદો થશે, જે પ્રતિભાશાળી હોવા છતાં ટેકનિકલ કારણસર ભરતીમાંથી બહાર નીકળી જતા હતા.

## ઉદ્ધવ જૂથની મહિલા નેતાએ લગાવ્યો ગડબડીનો આરોપ

# ‘ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાં કામ કરવું જોઈએ’,

। એજન્સી, પૂણે, તા.૫ ।

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, ‘મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.’તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી. આમ પ્રિયંકાએ ચૂંટણીપંચની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવ્યા છે.આ ઉપરાંત શિવસેના યુબીટીની એક મહિલાએ પણ ઈન્દોરમાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ અંગે મધ્યપ્રદેશ સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ઈન્દોરની ઘટના દેશ માટે શરમજનક ઘટના છે.પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે, ‘ઈન્દોરની ઘટનામાં શક્ય તેટલી કડક કાર્યવાહી થવી જોઈએ. મધ્યપ્રદેશમાં કફ સિરપથી પણ મૃત્યુ થયા હતા અને આ હકીકતને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.’મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, ‘મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.’તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી.

## ન્યૂઝ બ્રિફ




### હરિયાણામાં એજન્ટે અમેરિકાનું કહી યુવકને છેતરીને દુબઇ મોકલી દીધો

। એજન્સી, અંબાલા, તા.૫ ।

હરિયાણાના ભાનોખેડી ગામના એક ખેડૂતે પોતાના દીકરાને અમેરિકા મોકલવા માટે પોતાનું ટ્રેક્ટર-ટ્રોલી વેચી નાણા એકત્ર કર્યા હતાં. જો કે એજન્ટે લાખો રૂપિયા લીધા પછી પણ તેમના દીકરાને અમેરિકા મોકલવાને બદલે તેને દુબઈ મોકલી દીધો હતો. પોલીસે બકનોર ગામનાં સરપંચ કપ્તાન સિંહની વિરુદ્ધ છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે. ભાનોખેડીના રણજીત સિંહે જણાવ્યું હતું કે ફેબ્રુઆરી ૨૦૨૧માં તે પોતાની દુકાનમાં બેઠા હતાં ત્યારે કપ્તાન સિંહ તેમની પાસે આવ્યા હતાં અને પૂછ્યું હતું કે તેમના કેટલા બાળકો છે.કપ્તાન સિંહે જણાવ્યું હતું કે તે યુવાનોને વિદેશ મોકલે છે. ત્યારબાદ રણજીત સિંહ અને તેમના સંબધી જસવિંદ્ર સિંહ કુલ ૪૫ લાખ રૂપિયામાં પોતાના દીકરાઓને અમેરિકા મોકલવા તૈયાર થયા હતાં. રણજીતે પાંચ માર્ચ, ૨૦૨૧થી લઈને ૨૦ જાન્યુઆરી, ૨૦૨૨ સુધી કુલ ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયા કપ્તાન સિંહને આપ્યા હતાં. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ રણજીત સિંહના દીકરા જસમીત સિંહને દિલ્હી એરપોર્ટથી દુબઈ મોકલવામાં આવ્યો હતો. જ્યાં તેને ત્રણ મહિના રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ ૧૫ લાખ રૂપિયા માંગવામાં આવ્યા હતાં. રણજીતે ફરીથી નાણા આપ્યા હતાં. આમ છતાં તેને અમેરિકા મોકલવામાં આવ્યો ન હતો અને નાણાં પરત પણ આપ્યા ન હતાં. હરિયાણાના ભાનોખેડી ગામના એક ખેડૂતે પોતાના દીકરાને અમેરિકા મોકલવા માટે પોતાનું ટ્રેક્ટર-ટ્રોલી વેચી નાણા એકત્ર કર્યા હતાં. જો કે એજન્ટે લાખો રૂપિયા લીધા પછી પણ તેમના દીકરાને અમેરિકા મોકલવાને બદલે તેને દુબઈ મોકલી દીધો હતો.

### એઆઇથી નોકરી જતા ઇન્દોરમાં ઝવેરાતની દુકાનમાં લૂંટ ચલાવી

। એજન્સી, ઇન્દોર, તા.૫ ।

ઈન્દોરમા એક ઝવેરાતની દુકાન માંથી ચોરીની દિલચસ્પ ઘટના સામે આવી છે.આ દુકાનમાંથી ૧૬ લાખથી વધુ રકમના ઘરેણાની ચોરી કરવામાં આવી છે.આ ગુનામા પોલીસે ૧૮ વર્ષના ગ્રાફિક ડિઝાઈનર અને તેની મિત્રની ધરપકડ કરી છે.તેઓએ ફિલ્મ બન્ટી અને બબલી જોઈને આ ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ચોરીના તમામ ઘરેણા જપ્ત કર્યા છે.રાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ડિસેમ્બરની રાત્રે એક દુકાનમાંથી સોના,ચાંદી અને હીરાના મળીને ૧૬.૧૭ લાખના ઘરેણાની ચોરી થઈ હતી. પોલીસે આ કેસમાં એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે.ડીસીપી શ્રીકૃષ્ણ લાલચંદાનીએ કહ્યું કે બન્ને આરોપીની ઉંમર ૧૮ વર્ષ છે. છોકરો ગ્રાફિક ડિઝાઈનર છે અને છોકરી નીટની તૈયારી કરી રહી છે.તેઓ બાળપણથી એક બીજાને જાણે છે.ડીસીપીએ કહ્યું કે પૂછપરછ દરમિયાન છોકરાએ કહ્યું કે તે આઈટી કંપનીમા પાર્ટટાઈમ ગ્રાફિક ડિઝાઈનર હતો. કંપનીએ એઆઈ ટેકનોલોજી અપનાવતા તેની નોકરી ગઈ હતી. જેના પગલે આર્થિક ભીસમાં આવ્યો હતો. આરોપીઓએ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ બંટી ઔર બબલી જોઈને ચોરીની યોજના બનાવી હતી.

# અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જે. ડી. વેન્સના ઘર પર હુમલો, શંકાસ્પદની અટકાયત

। એજન્સી, વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાના ઉપપ્રમુખ જે ડી વેન્સના નિવાસ સ્થાન પર સોમવારે હુમલો થયો છે. હુમલામાં તેમના ઘરની બારીઓને નુકસાન પહોંચ્યું. ઘટના બાદ એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે. સિનસિનાટી સ્થિત તેમના નિવાસ સ્થાન પર રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ હુમલો કરાયો. અમેરિકાના સ્થાનિક સમય અનુસાર યુએસ સિક્રેટ સર્વિસને હુમલા અંગે રાત્રિના ૧૨.૧૫ વાગ્યે સૂચના મળી. પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી છે અને તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર ઘરની બારીઓમાં નુકસાન થયું છે.

# પ્રિયંકા ગાંધીને કોંગ્રેસ સંગઠનમાં પહેલીવાર મળી મોટી જવાબદારી

। એજન્સી, નવી દિલ્હી, તા.૫ ।

કોંગ્રેસે પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે સ્ક્રીનીંગ કમિટીની રચના કરી છે. જેમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીને આસામ સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે નિયુક્ત કરાયા છે. આ કોંગ્રેસ સંગઠનમાં પ્રિયંકા ગાંધીની પહેલી મોટી જવાબદારી છે. આ પહેલીવાર પ્રિયંકા ગાંધીને રાજ્ય સ્ક્રીનીંગ કમિટીની જવાબદારી સોંપવામાં આવી છે.સ્ક્રીનીંગ કમિટી ઉમેદવારોની યાદી તૈયાર કરે છે, જેને પછી પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. પ્રિયંકા ગાંધી ઉપરાંત, મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીના વડા બનાવાયા છે. આ સિવાય ટીએસ સિંહ દેવને તમિલનાડુ અને પુડુચેરી માટે સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે જવાબદારી સોંપાઈ છે.સ્ક્રીનીંગ કમિટી ઉમેદવારોની યાદી તૈયાર કરે છે, જેને પછી પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. પ્રિયંકા ગાંધી ઉપરાંત, મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીના વડા બનાવાયા છે. આ સિવાય ટીએસ સિંહ દેવને તમિલનાડુ અને પુડુચેરી માટે સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે જવાબદારી સોંપાઈ છે.મહત્વનું છે કે પ્રિયંકા ગાંધીને સંગઠનમાં મોટી જવાબદારી મળશે તેવી ચર્ચાઓ ઘણા સમયથી હતી. પ્રિયંકા કોઈ રાજ્યમાં જઈ સંગઠનના એક પદ પર કામ કરશે તેવી આ પહેલી તક છે. કોંગ્રેસ અત્યારથી જ પાંચ રાજ્યોમાં આવી રહેલી ચૂંટણીને લઈને એલર્ટ મોડમાં છે. કોંગ્રેસે પશ્ચિમ બંગાળ બી.કે. હરિપ્રસાદને જવાબદારી સોંપી છે.

**ગુલાબી નોટો ૧૦૦ ટકા રિટર્ન થઈ નથી** | **આરબીઆઇરૂ.૨૦૦૦ની નોટોને લઈને જણાવ્યું છે કે, ૧૯ મે, ૨૦૨૩માં બંધ કરવામાં આવેલી ગુલાબી નોટોની સંપૂર્ણપણે વાપસી થઈ નથી**

# રૂ.૨૦૦૦ની નોટ પર આરબીઆઇની મોટી અપડેટ, હજુ પણ રૂ.૫,૬૬૯ કરોડની નોટો લોકો પાસે

। એજન્સી, નવી દિલ્હી, તા.૫ ।

ભારતીય રિઝર્વ બેંક દ્વારા વર્ષ ૨૦૨૩માં રદ કરાયેલી ૨૦૦૦ રૂપિયાની ગુલાબી નોટો ૧૦૦ ટકા રિટર્ન થઈ નથી. વર્ષ ૨૦૨૫ના છેલ્લા દિવસોના આંકડા સામે આવ્યા છે. જેમાં આરબીઆઈએ રૂ.૨૦૦૦ની નોટને લઈને મોટી અપડેટ આપતાં જણાવ્યું હતું કે, રૂ.૫,૬૬૯ કરોડની ગુલાબી નોટો હજુ પણ લોકો પાસે છે. જેમાં નોટો રિટર્ન સુવિધા લાગુ હોવા છતાં લોકો દ્વારા તેને પરત કરવાની ગતિ ધીમી પડી છે.આરબીઆઇરૂ.૨૦૦૦ની નોટોને લઈને જણાવ્યું છે કે, ૧૯ મે, ૨૦૨૩માં બંધ કરવામાં આવેલી ગુલાબી નોટોની સંપૂર્ણપણે વાપસી થઈ નથી. તે સમયે બજારમાં ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની નોટો હયાત હતી અને છેલ્લે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં કુલ ૯૮.૪૧ ટકા નોટો જ રિટર્ન થઈ છે.

જે-તે સમયે રૂ.૨૦૦૦ની નોટો બંધ કર્યા બાદ આરબીઆઈએ લોકોને આ નોટો જમા કરવા માટે સુવિધા કરી હતી. જેમાં શરૂઆતના તબક્કામાં નોટોને જમા કરવાની ઝડપ વધુ હતી. જોકે, આ ગતિ હવે બહુ ધીમી પડી ગઈ છે. આમ, છેલ્લા બે મહિનાના આંકડા પર નજર નાખીએ તો, ૩૧ ઓક્ટોબરમાં બજારમાં આ નોટોની હાજરીનો આંકડો ૫,૮૧૭ કરોડ રૂપિયા જેટલો હતો.

એટલે એવું જણાય છે કે, હજુ પણ કેટલાક લોકો મોટાપાયે ગુલાબી નોટ દબાવીને બેઠા છે. તેવામાં આ બે મહિના દરમિયાન કુલ ૧૪૮ કરોડ રૂપિયાની કિંમતની નોટો રિટર્ન થઈ છે.




તમને જણાવી દઈએ કે, આરબીઆઈએ સ્પષ્ટતા કરી હતી કે, ચલણમાંથી બહાર કરાયેલી આ ૨૦૦૦ રૂપિયાની નોટો સંપૂર્ણ રીતે પાછી ખેંચી લેવામાં આવે ત્યાં સુધી લીગલ ટેન્ડર ચાલુ રહેશે.

નવેમ્બર ૨૦૧૬માં જ્યારે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટોની નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે સેન્ટ્રલ બેંકે આ મોટી ચલણી નોટો રજૂ કરી હતી. નોટબંધીની અસર ઓછી થયા પછી અને બજારમાં પૂરતી માત્રામાં અન્ય મૂલ્યની નોટો ઉપલબ્ધ થયા બાદ સેન્ટ્રલ બેંકે ૧૯ મે, ૨૦૨૩ના રોજ ક્લીન નોટ પોલિસી હેઠળ ચલણમાંથી નોટો પાછી ખેંચવાની જાહેરાત કરી હતી.

રૂ.૨૦૦૦ની નોટને ચલણમાંથી બહાર કાઢ્યા બાદ આરબીઆઈએ ૭ ઓક્ટોબર, ૨૦૨૩માં લોકોને બધી બેંકોમાં જઈને નોટો બદલવાની સુવિધા આપી હતી અને બજારમાં ગુલાબી નોટોની સંખ્યા ઓછી થયા પછી કેન્દ્રીય બેંકે બેંકોની જગ્યાએ આરબીઆઈના ૧૯ કાર્યાલય સુધી વાપસી પ્રક્રિયા સિમિત કરી હતી. જ્યાં હજુ પણ આ નોટોને બદલી શકાય છે.

# ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ભારે હોબાળો । યુવાનો રસ્તા ઉપર ઉતર્યા





ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના અત્યાચારોથી કંટાળીને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પણ હવે બળવો થવા લાગ્યો છે. પાકિસ્તાનના કબજામાંથી સ્વતંત્ર થવા માટે અનેક યુવાનો, વિપક્ષ અને આમ નાગરિકો દ્વારા વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અનેક પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી છે. જીબી યુથ મૂવમેન્ટના નેતૃત્વમાં ગિલગિટના ચિનારબાગથી ધરણા પ્રદર્શન શરૂ કરવામાં આવ્યા હતા. જે બાદમાં નગર અને શિગાર જેવા અંતરિયાળ વિસ્તારો સુધી ફેલાયું હતું. અનેક પ્રદર્શનકારીઓની ધરપકડને કારણે હવે આ વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યું છે. સ્થાનિક લોકોમાં પાકિસ્તાની સરકાર, સૈન્ય અને પોલીસ પ્રત્યે કેટલો અસંતોષ છે તે આ વિરોધ પ્રદર્શન દર્શાવી રહ્યું છે. ગિલગિટ બાલ્ટિસ્તાનમાં ચૂંટણી પ્રક્રિયામાં મોટી ગેરરીતિ આચરવામાં આવી હોવાના આરોપ સાથે લોકો રસ્તા પર ઉતર્યા છે. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે મંત્રીમંડળમાં નિમવામાં આવેલી વ્યક્તિ અગાઉ કોઈ ને કોઈ રાજકીય સંબંધ ધરાવનારી છે. અગાઉની સરકારોમાં સેવા આપી ચુકી છે. આ વિરોધ પ્રદર્શનની આગેવાની લેનારા અઝફર જમશેદે ચેતવણી આપી હતી કે જો કાર્યવાહક સરકારના ગઠનમાં ચર્ચામાંથી યુવાઓને બહાર રાખવામાં આવશે તો આ વિરોધ પ્રદર્શન જારી રહેશે. પુરા દેશમાં જ્યાં પણ અમારા સમર્થકો હશે ત્યાં આ વિરોધ પ્રદર્શન પહોંચી જશે.

## પલક તિવારી મોઢું ઢાંકીને ઈબ્રાહિમ સાથે ફરવા ઉપડી



। એજન્સી, મુંબઇ, તા.૨૮ ।

પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન સાથે સાથે નવાં વર્ષની રજાઓ માણવા ફરવા ઉપડયાં હતાં. પલક તિવારીએ પોતાની ઓળખ છૂપાવવા માટે મોઢે માસ્ક પહેરી રાખ્યું હતું. તે અને ઈબ્રાહિમ થોડું અંતર જાળવીને આગળ પાછળ આવ્યાં હતાં. જોકે, બંને પાપારાઝીઓનાં કેમેરામાં કેદ થઈ ગયાં હતાં. પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા ૨૦૨૨થી થઈ રહી છે. બન્ને જણા વારંવાર સાથે વેકેશન અને પાર્ટીઓમાં પણ સાથે દેખાતા હોય છે. જોકે, ઈબ્રાહિમના દાવા અનુસાર પલક તેની ફક્ત સારી મિત્ર જ છે. જોકે, બંનેના ફરી સાથે આઉટિંગથી તેના આ દાવાની પોલ ઉઘાડી પડી ગઈ છે. પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન સાથે સાથે નવાં વર્ષની રજાઓ માણવા ફરવા ઉપડયાં હતાં. પલક તિવારીએ પોતાની ઓળખ છૂપાવવા માટે મોઢે માસ્ક પહેરી રાખ્યું હતું. તે અને ઈબ્રાહિમ થોડું અંતર જાળવીને આગળ પ ।છળ આવ્યાં હતાં. જોકે, બંને પાપારાઝીઓનાં કેમેરામાં કેદ થઈ ગયાં હતાં. પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા ૨૦૨૨થી થઈ રહી છે. બન્ને જણા વારંવાર સાથે વેકેશન અને પાર્ટીઓમાં પણ સાથે દેખાતા હોય છે. જોકે, ઈબ્રાહિમના દાવા અનુસાર પલક તેની ફક્ત સારી મિત્ર જ છે.

### ક્યુબા વર્ષોથી વેનેઝુએલાનું નજીકનો સાથીદાર રહ્યું છે

## વેનેઝુએલાના પ્રમુખ માદુરોને બચાવવા ક્યુબાએ મોકલી હતી સેના! અમેરિકાના હુમલામાં ગુમાવ્યા ૩૨ જવાન

**અમેરિકન સુરક્ષા દળોએ રાષ્ટ્રપ્રમુખ ભવનને ઘેર્યું ત્યારે ત્યાં તહેનાત ક્યુબાના સૈનિકોએ નિકોલસ માદુરો અને તેમની પત્નીને બચાવવા માટે પૂરો પ્રયાસ કર્યો હતો**

। એજન્સી, કારાકાસ, તા.૫ ।

વેનેઝુએલામાં રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસની ધરપકડ કરવા માટે જ્યારે અમેરિકન સેનાએ રાષ્ટ્રપ્રમુખ ભવન પર હુમલો કર્યો, ત્યારે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. આ ઓપરેશન દરમિયાન વેનેઝુએલાના સૈનિકો સિવાય અન્ય એક સામ્યવાદી દેશ ક્યુબાની સેના પણ ત્યાં હાજર હતી. ક્યુબાની સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે, અમેરિકન સેના સાથેના આ સંઘર્ષમાં તેમના ૩૨ સૈનિકો માર્યા ગયા છે.અહેવાલો અનુસાર, જ્યારે અમેરિકન સુરક્ષા દળોએ રાષ્ટ્રપ્રમુખ ભવનને ઘેર્યું ત્યારે ત્યાં તહેનાત ક્યુબાના સૈનિકોએ નિકોલસ માદુરો અને તેમની પત્નીને બચાવવા માટે પૂરો પ્રયાસ કર્યો હતો. જોકે, અમેરિકન સેનાની આધુનિક તાકાત સામે તેઓ ટકી શક્યા નહોતા. આ જંગમાં ક્યુબાના ૩૨ સૈનિકોએ જીવ ગુમાવ્યા છે. ક્યુબાના પૂર્વ પ્રમુખ રાઉલ કાસ્ટ્રો અને વર્તમાન પ્રમુખ મિગુએલ ડિયાઝ-કેનેલે આ ઘટના પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે અને મૃતક સૈનિકોના પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરી છે.ક્યુબાના સરકારી ટીવી પર આપવામાં આવેલા નિવેદન મુજબ,



વેનેઝુએલા સરકારની વિનંતી પર જ ક્યુબાના સૈન્ય અને પોલીસ અધિકારીઓ ત્યાં તહેનાત હતા. હકીકતમાં, ક્યુબા વર્ષોથી વેનેઝુએલાનું નજીકનો સાથીદાર રહ્યું છે અને સુરક્ષા દળોને તાલીમ તેમજ આંતરિક સુરક્ષામાં મદદ કરવા માટે પોતાની સેના મોકલતું રહ્યું છે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ અગાઉ પણ દાવો કર્યો હતો કે, માદુરોની સુરક્ષા એજન્સીઓ અને જાસૂસી તંત્રમાં ક્યુબાના લોકોનો મોટો દબદબો છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ ઓપરેશનમાં ક્યુબન સૈનિકોના મોતની પુષ્ટિ કરી છે. ફ્લોરિડાથી વોશિંગ્ટન પરત ફરતી વખતે એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'ગઈકાલે મોટી સંખ્યામાં ક્યુબન સૈનિકો માર્યા ગયા છે. સામી બાજુએ ઘણું નુકસાન થયું છે, પરંતુ રાહતની વાત એ છે કે આ ઓપ રેશનમાં અમેરિકા તરફથી કોઈ સૈનિકનું મોત થયું નથી.'૩૨ જવાનો ગુમાવ્યા બાદ ક્યુબા સરકારે દેશમાં બે દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. ક્યુબાએ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે, જોકે હજુ સુધી માર્યા ગયેલા અધિકારીઓના નામ કે તેમના પદની વિગતો જાહેર કરવામાં આવી નથી. આ ઘટના બાદ લેટિન અમેરિકામાં રાજકીય ગરમાવો વધી ગયો છે અને સામ્યવાદી દેશોમાં અમેરિકા પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે.

### વેનેઝુએલાના ૪૦ નાગરિકો-સૈનિકો માર્યા ગયાનો દાવો

## અમેરિકાની સામે પડશો તો માદુરો જેવા હાલ થશે : ટ્રમ્પ

**કોલંબિયા-મેક્સિકો પણ તેમના ત્યાં ડ્રગ્સ ફેક્ટરીઓ બંધ કરે, વેનેઝુએલાના ક્રૂડ ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારી દુનિયાને ઓઈલ વેચીશું**

। એજન્સી, વોશિંગ્ટન, તા. ૫ ।

અમેરિકન આર્મી વેનેઝુએલામાં અડધી રાતે આક્રમણ કરીને તેના પ્રમુખ નિકોલસ માદુરોને ઉઠાવી લાવ્યા પછી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, માદુરો સામે અમેરિકન કોર્ટમાં નાર્કો ટેરરિઝમ હેઠળ કેસ ચાલશે. ટ્રમ્પે કોલંબિયા, મેક્સિકોને પણ તેમના ત્યાં ડ્રગ્સની ફેક્ટરીઓ બંધ કરવા ચેતવણી આપી છે. ટ્રમ્પે દુનિયાને ધમકી આપી છે કે અમેરિકાની સામે પડશો તો માદુરો જેવા હાલ થશે. આ સિવાય વેનેઝુએલામાં 'સત્તા પલટા' અંગે ટ્રમ્પે કહ્યું કે, હવે વેનેઝુએલાને અમે 'ચલાવીશું', ત્યાંથી ક્રૂડ ઓઈલ ઉત્પન્ન કરીને અન્ય દેશોને વેચીશું. બીજીબાજુ અમેરિકાના હુમલામાં વેનેઝુએલામાં ૪૦ લોકો માર્યા ગયા હોવાનું સામે આવ્યું છે.અમેરિકન આર્મીએ 'એબ્સોલ્યૂટ રિઝોલ્વ' નામથી ઓપરેશન ચલાવી વેનેઝુએલામાં આક્રમણ કર્યું અને તેના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નિ સિલિઆ ફ્લોરેસને ન્યૂયોર્ક ઉઠાવીને લઈ ગઈ. નિકોલસ માદુરોને હેલિકોપ્ટરમાં ન્યૂયોર્કના મેનહટન લઈ જવાયા. ત્યાં તેમની સામે નાર્કો ટેરરિઝમ હેઠળ કેસ ચલાવાશે. માદુરોને ન્યૂયોર્કના બ્રૂકલીન જેલમાં કેદ કરાયા છે, જ્યાં અમેરિકાના કુખ્યાત કેદીઓને રાખવામાં આવ્યા છે.વેનેઝુએલા પર આક્રમણ પછી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે બપોરે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. વેનેઝુએલામાં માદુરોની ગેરહાજરીમાં ત્યાં શાસન કોણ સંભાળશે તે અંગે પોતાની યોજના જણાવતા ટ્રમ્પે કહ્યું કે, વેનેઝુએલાને હવે અમે 'ચલાવીશું', વેનેઝુએલાના ક્રૂડ ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અમે 'સુધારીશું' અને અન્ય દેશોને વ્યાપક પ્રમાણમાં ઓઈલ વેચીશું. આ સાથે ટ્રમ્પે કોલંબિયા અને મેક્સિકોના પ્રમુખોને પણ તેમના ત્યાં ચાલતી ડ્રગ્સની ફેક્ટરીઓ બંધ કરવા ચેતવણી આપી હતી. ટ્રમ્પે દુનિયાના દેશોને પણ ધમકી આપી કે અમેરિકન સાર્વભૌમત્વ અને અમેરિકન જીવનને જોખમમાં મુકનારાના માદુરો જેવા હાલ થશે. ટ્રમ્પ સરકારના વેનેઝુએલા પરના આક્રમણે દુનિયાને ૨૦૦૩માં ઈરાક પર અમેરિકાના આક્રમણ અને સત્તા પલટાની યાદ તાજી કરાવી દીધી હતી. જોકે, કાયદાકીય નિષ્ણાતોએ અમેરિકન કોંગ્રેસને જાણ કર્યા વિના વેનેઝુએલા પર ટ્રમ્પની સૈન્ય કાર્યવાહીની કાયદેસરતા સામે સવાલો ઉઠાવ્યા છે.

## આલિયા, કરણે દિવ્યા ખોસલા વિરુદ્ધ નેગેટિવ કેમ્પેઈન ચલાવેલું



। એજન્સી, મુંબઈ, તા.૫ ।

ટી સીરિઝના માલિક ભૂષણ કુમારની પત્ની અને હિરોઈન દિવ્યા ખોસલા કુમાર તથા નિર્માતા મુકેશ ભટ્ટ વચ્ચેની એક ઓડિયો વાતચીત વાયરલ થઈ છે. તેમાં એવું તારણ મળી રહ્યું છે કે આલિયા ભટ્ટ અને કરણ જોહરે દિવ્યાને બદનામ કરવા માટે રીતસરનું નેગેટિવ પબ્લિસિટી કેમ્પેઈન ચલાવ્યું હતું. વાસ્તવમાં આલિયા ભટ્ટે કરણ સાથે મળીને પોતાના પ્રોડકશન હેઠળની પહેલી ફિલ્મ 'જિગરા' બનાવી હતી. આ ફિલ્મ સદંતર ફલોપ રહી હતી. તે સમયે દિવ્યાએ એવો આરોપ મૂક્યો હતો કે 'જિગરા'ની સ્ટોરી વાસ્તવમાં તેની અને હર્ષવર્ધન રાણેની ફિલ્મ 'સાવી'ની બેઠી ઉઠાંતરી છે. તે સમયે દિવ્યા ફક્ત પબ્લિસિટી ખાતર આવા આરોપો કરી રહી હોવાની વાત ચગી હતી. એ વખતે નિર્માતા મુકેશ ભટ્ટે પણ દિવ્યા ખોટો પબ્લિસિટી સ્ટન્ટ કરી રહી હોવાનો દાવો કર્યો હતો. હાલ જારી થયેલી ઓડિયો ટેપ મુજબ તે વખતે જ દિવ્યાએ મુકેશ ભટ્ટને ફોન કરીને કહ્યું હતું કે તેઓ તેની વિરુદ્ધ આવો અપપ્રચાર શા માટે કરી રહ્યા છે. તે વખતે મુકેશ ભટ્ટે તેને જવાબ આપ્યો હતો કે પોતે તેની વિરુદ્ધ કશું બોલ્યા નથી પરંતુ સામેની પાર્ટી ( એટલે કે આલિયા અને કરણ જોહર) તેની વિરુદ સિસ્ટમેટિક નેગેટિવ પીઆર કેમ્પેઈન ચલાવી રહ્યા છે. દિવ્યાનો જન્મદિવસ હતો તે જ દિવસે તેની વિરુદ્ધ આ બધા આરોપોનો મારો ચલાવી તેને માનસિક રીતે પરેશાન કરાઈ હતી.

## અમેરિકામાં પૂર્વ પ્રેમિકાની હત્યા કરી ભારત ભાગી આવ્યો અર્જુન

। એજન્સી, વોશિંગ્ટન, ૫ ।

અમેરિકાના મેરીલેન્ડ રાજ્યમાં એક ૨૬ વર્ષીય ભારતીય યુવક પોતાની પ ૂર્વ પ્રેમિકાની હત્યા કરીને ભારત ભાગી છૂટ્યો છે. આરોપીની ઓળખ અર્જુન શર્મા તરીકે થઈ છે, જે કોલંબિયા શહેરનો રહેવાસી છે.તપાસમાં બહાર આવ્યું છે કે જે યુવકે પોલીસને તેની એક્સ-ગર્લફ્રેન્ડ ગુમ હોવાની જાણ કરી હતી, તે જ તેનો હત્યારો હતો. ઘટનાની વિગત મુજબ, અર્જુન શર્માએ પોતે જ ૨ જાન્યુઆરીના રોજ હાવર્ડ કાઉન્ટી પ ોલીસમાં નિકિતા ગોદિશાલા (૨૭) ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. તેણે પોલીસને જણાવ્યું હતું કે તેણે નિકિતાને છેલ્લે ૩૧ ડિસેમ્બરના રોજ પોતાના એપાર્ટમેન્ટમાં જોઈ હતી અને ત્યારબાદ તે અચાનક ગાયબ થઈ ગઈ હતી.પ ોલીસ તપાસમાં એક મોટો ખુલાસો થયો કે જે દિવસે અર્જુને ફરિયાદ નોંધાવી, તે જ દિવસે એટલે કે ૨ જાન્યુઆરીએ તે ફ્લાઈટ પકડીને ભારત રવાના થઈ ગયો હતો. જ્યારે ૩ જાન્યુઆરીએ પ ોલીસે અર્જુનના એપાર્ટમેન્ટની તપાસ કરી હતી, ત્યારે ત્યાંથી નિકિતાની લાશ મળી આવી હતી. નિકિતાના શરીર પર ચપ્પુના અસંખ્ય ઘા ઝીંકવામાં આવ્યા હતા.પોલીસ તપાસ અનુસાર, આ સમગ્ર હત્યાકાંડ ૩૧ ડિસેમ્બરની રાત્રે ૭ વાગ્યા પછી શરૂ થયો હતો, જ્યારે અર્જુન શર્માએ નિકિતાની હત્યા કરી હોવાની શંકા છે.

## અમેરિકાએ ઘરમાં ઘૂસી પ્રમુખ માદુરોનું 'અપહરણ' કર્યું । વેનેઝુએલા પર હુમલો કરી 'ચમત્કારિક રીતે' ૩૦ જ મિનિટમાં ઓપરેશન પાર પાડયું

। એજન્સી, કારાક્સ, તા.૪ ।

દુનિયામાં યુદ્ધો બંધ કરાવી શાંતિની વાતો કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં જ વેનેઝુએલાની રાજધાની કારાકાસ સહિત સાત શહેરો પર હવાઈ હુમલો કર્યો હતો. વધુમાં પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો કે, તેમની સ્પેશિયલ ડેલ્ટા ફોર્સ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમનાં પત્ની સિલિઆ ફ્લોરેસને પકડીને દેશની બહાર અજ્ઞાત સ્થળે લઈ છે. કથિત રીતે 'ધરપકડ' કરાયેલા વેનેઝુએલાના પ્રમુખ માદુરોની તસવીર પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. નિકોલસ માદુરો સામે ન્યૂયોર્કની કોર્ટમાં ગુનાઈત આરોપ ો હેઠળ કાર્યવાહી થશે તેમ અમેરિકન એટર્ની જનરલ પામ બોન્ડીએ કહ્યું હતું. બીજીબાજુ અમેરિકાના હવાઈ હુમલા પછી વેનેઝુએલાએ દેશમાં ઈમર્જન્સી જાહેર કરી છે.વેનેઝુએલા સાથે તણાવપ ૂર્ણ સ્થિતિ વચ્ચે અમેરિકન સૈન્ય દળોએ ૨ અને ૩ વચ્ચેની રાતે વેનેઝુએલાની રાજધાની કારાકાસ તથા , મિરાંડા, અરાગુઆ અને લા ગુએરા રાજ્યોના સાત શહેરોમાં અચાનક જ ભારે હવાઈ હુમલા કર્યા હતા. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર અમેરિકન સૈન્યે ફુએર્તે તિઉના આર્મી બેઝ અને લા કાર્લોટા એરબેઝ જેવા મહત્વપૂર્ણ સ્થળોને નિશાન બનાવ્યા હતા. અમેરિકાએ આધુનિક એફ-૩૫ જેવા ફાઈટર જેટ, અપાચે અને ચિનૂક જેવા હેલિકોપ્ટર તથા મિસાઈલોથી સાત શહેરો પર હુમલો કર્યો હતો. આ હુમલો ૩૦ મિનિટથી પણ ઓછો સમય ચાલ્યો અને સાત વિસ્ફોટો થયા. જોકે, આ હુમલામાં જાનહાની અથવા મિલકતને નુકસાનના કોઈ અહેવાલ નથી. અમેરિકાનો આ હુમલો વેનેઝુએલામાં સત્તા પરિવર્તન માટે વસાહતી યુદ્ધ થોપ વાના પ્રયાસો સમાન છે.

### ટ્રમ્પ એક તરફ વેનેઝુએલામાં સખત વલણ અપનાવી રહ્યા છે

### પ્યોંગયાંગમાં સ્થિત તાનાશાહી સરકારે જણાવ્યું છે કે રવિવારનું મિસાઈલ પરીક્ષણ તાજેતરના ભૌગોલિક રાજકીય સંકટને કારણે અત્યંત જરૂરી બની ગયું

## અમેરિકાએ વેનેઝુએલાને ટારગેટ કર્યું ત્યાં કિમ જોંગ ભડક્યાં, મિસાઈલ ટેસ્ટ કરી કહ્યું- પરમાણુ યુદ્ધ માટે તૈયાર

। એજન્સી, નવી દિલ્હી, તા.૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક તરફ વેનેઝુએલામાં સખત વલણ અપનાવી રહ્યા છે, તો બીજી તરફ ઉત્તર કોરિયાના સુપ્રીમ લીડર કિમ જોંગ ઉને પણ મોટી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ઉત્તર કોરિયાની સરકારી મીડિયાએ સોમવારે જણાવ્યું કે, તાનાશાહ નેતા કિમ જોંગ ઉને અત્યાધુનિક હાઈપ રસોનિક મિસાઈલોના પરીક્ષણનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન કિમ જોંગ ઉને જાહેરાત કરી હતી કે ઉત્તર કોરિયાની પરમાણુ શક્તિ હવે યુદ્ધ માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.પ્યોંગયાંગમાં સ્થિત તાનાશાહી સરકારે જણાવ્યું છે કે રવિવારનું મિસાઈલ પરીક્ષણ તાજેતરના ભૌગોલિક રાજકીય સંકટને કારણે અત્યંત જરૂરી બની ગયું હતું. ઉત્તર કોરિયાનો સીધો ઈશારો વેનેઝુએલામાં અમેરિકા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી તરફ હતો. ઉલ્લેખનીય છે કે, ઉત્તર કોરિયા અને વેનેઝુએલા બંને દેશોમાં સામ્યવાદી સરકારો શાસન કરી રહી છે.બીજી તરફ, જાપાન અને દક્ષિણ કોરિયાએ પણ રવિવારે પુષ્ટિ કરી હતી કે તેઓએ પ્યોંગયાંગ નજીકથી બે બેલેસ્ટિક મિસાઈલો લોન્ચ થઈ હોવાનું શોધી કાઢ્યું છે. ઉત્તર કોરિયા



દ્વારા આ વર્ષનું આ પ્રથમ પરીક્ષણ હતું, જે દક્ષિણ કોરિયાના નેતા લી જે મ્યુંગ શિખર સંમેલન માટે બેઇજિંગ જવા રવાના થયા તેના ગણતરીના કલાકો પહેલા જ કરવામાં આવ્યું હતું.અહેવાલ મુજબ કિમ જોંગ ઉને જણાવ્યું હતું કે, પ્યોંગયાંગની આ સૈન્ય પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ્ય 'ન્યૂક્લિયર વોર ડેટરન્સ'(પરમાણુ યુદ્ધ નિવારક)ને ધીમે-ધીમે ઉચ્ચ સ્તરે સ્થાપિત કરવાનો છે. ન્યૂક્લિયર વોર ડેટરન્સનો અર્થ એ છે કે જ્યારે બંને પક્ષો પાસે પરમાણુ હથિયાર હોય, ત્યારે પરસ્પર વિનાશના ભયથી કોઈ એકબીજા પર હુમલો કરતું નથી અને આ હથિયારો હોવું એ જ બંને વચ્ચે યુદ્ધને ટાળવાનું કામ કરે છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક તરફ વેનેઝુએલામાં સખત વલણ અપનાવી રહ્યા છે, તો બીજી તરફ ઉત્તર કોરિયાના સુપ્રીમ લીડર કિમ જોંગ ઉને પણ મોટી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ઉત્તર કોરિયાની સરકારી મીડિયાએ સોમવારે જણાવ્યું કે, તાનાશાહ નેતા કિમ જોંગ ઉને અત્યાધુનિક હાઈપ રસોનિક મિસાઈલોના પરીક્ષણનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન કિમ જોંગ ઉને જાહેરાત કરી હતી કે ઉત્તર કોરિયાની પરમાણુ શક્તિ હવે યુદ્ધ માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.પ્યોંગયાંગમાં સ્થિત તાનાશાહી સરકારે જણાવ્યું છે કે રવિવારનું મિસાઈલ પરીક્ષણ તાજેતરના ભૌગોલિક રાજકીય સંકટને કારણે અત્યંત જરૂરી બની ગયું હતું. ઉત્તર કોરિયાનો સીધો ઈશારો વેનેઝુએલામાં અમેરિકા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી તરફ હતો.

### વેનેઝુએલાના નવા પ્રમુખને ટ્રમ્પની ધમકી | ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો રોડ્રિગ્ઝ અમેરિકાના કહ્યા મુજબ કામ નહીં કરે, તો તેમણે માદુરો કરતાં પણ મોટી કિંમત ચૂકવવી પડશે

## 'શરતો માનો, નહીં તો માદુરો કરતા પણ ખરાબ હાલત કરીશું...'

। એજન્સી, કારાકાસ, તા.૫ ।

વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે વેનેઝુએલાના નવા વચગાળાના પ્રમુખ અને તત્કાલિન ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝ પ્રત્યે અત્યંત કડક અને ધમકીભર્યું વલણ અપનાવ્યું છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો રોડ્રિગ્ઝ અમેરિકાના કહ્યા મુજબ કામ નહીં કરે, તો તેમણે માદુરો કરતાં પણ મોટી કિંમત ચૂકવવી પડશે.અમેરિકન મેગેઝિન 'ધ એટલાન્ટિક'ને આપેલા ઈન્ટરવ્યુમાં, ટ્રમ્પે કહ્યું, "જો તે (રોડ્રિગ્ઝ) એ નહીં કરે જે અમેરિકા વેનેઝુએલા માટે સાચું માને છે, તો તેણે ખૂબ મોટી કિંમત ચૂકવવી પ



ડશે, કદાચ માદુરો કરતાં પણ વધારે." આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે માદુરોની ધરપકડ બાદ વેનેઝુએલામાં સત્તાના સંતુલનને લઈને અનિશ્ચિતતાનો માહોલ છે.જોકે, ટ્રમ્પના આ નિવેદનમાં મોટો વિરોધાભાસ પણ જોવા મળ્યો છે. માત્ર એક દિવસ પહેલાં જ, તેમણે દાવો કર્યો હતો કે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોની રોડ્રિગ્ઝ સાથે વાતચીત થઈ છે અને તે અમેરિકાની શરતો પર કામ કરવા માટે તૈયાર છે. ટ્રમ્પે ત્યારે કહ્યું હતું કે રોડ્રિગ્ઝ વેનેઝુએલામાં લોકોના જીવનસ્તરને સુધારવા માટે અમેરિકાની સલાહ માનવા તૈયાર છે.બીજી તરફ, ડેલ્સી રોડ્રિગ્ઝે ટ્રમ્પના આ દાવાને સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે. તેમણે માદુરોને બળજબરીથી હટાવવાની આકરી ટીકા કરી છે અને અમેરિકા પાસે માંગ કરી છે કે માદુરોને તાત્કાલિક વેનેઝુએલા પાછા મોકલવામાં આવે. રોડ્રિગ્ઝના આ વલણથી અમેરિકા અને વેનેઝુએલા વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. 'ન્યૂયોર્ક પોસ્ટ'ને આપ ેલા અન્ય એક ઈન્ટરવ્યુમાં પણ ટ્રમ્પે કડક સંદેશ આપતા કહ્યું, "જો રોડ્રિગ્ઝ તે કરે છે જે અમે ઈચ્છીએ છીએ, તો અમેરિકાને વેનેઝુએલામાં સૈનિકો તૈનાત કરવાની જરૂર નહીં પડે."નિષ્ણાતોનું માનવું છે કે ટ્રમ્પ પ્રશાસન હવે વેનેઝુએલામાં સત્તા સંચાલનને લઈને બેવડી રણનીતિ અપનાવી રહ્યું છે. એક તરફ, જાહેરમાં વાતચીત અને સહયોગની વાતો કરવામાં આવી રહી છે, તો બીજી તરફ, ખુલ્લેઆમ ધમકીઓ દ્વારા દબાણ બનાવવામાં આવી રહ્યું છે. રોડ્રિગ્ઝને આપવામાં આવેલી આ ચેતવણીને આ જ રણનીતિનો એક ભાગ માનવામાં આવી રહી છે.વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે વેનેઝુએલાના નવા વચગાળાના પ્રમુખ અને તત્કાલિન ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝ પ્રત્યે અત્યંત કડક અને ધમકીભર્યું વલણ અપનાવ્યું છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya